ॐ ह्रीँ अर्हं नमोनमः

પ્રેમ-ભુવનભાનુ-જયઘોષસૂરિભ્યો નમઃ

# જૈન આદર્શ પ્રસંગો

(સત્ય, વર્તમાન, શ્રેષ્ઠ, ધાર્મિક દૃષ્ટાંતો)

## ભાગ-૭

*પ્રેરક : પંન્યાસ ભદ્રેશ્વરવિજયજી ગણિ*

*સંપાદક : મુનિ યોગીરત્નવિજયજી મ.સા.*

આવૃત્તિ-સાતમી ❖ તા.૧-૧૦-૨૦૧૬
❖ નકલ : ૩૦૦૦ ❖ પૂર્વની નકલ : ૨૮,૦૦૦

કિંમત ₹ ૨-૦૦

**અમદાવાદ :** **પ્રાપ્તિસ્થાનો**

❖ જગતભાઈ : ૪, મૌલિક એપાર્ટમેન્ટ, ઓપેરા ઉપાશ્રય પાસે, સુખીપુરા, પાલડી, અમ.૭ ● મો. : ૯૪૦૮૭૭૬૨૫૯, ફો. : ૦૭૯-૨૬૬૦૮૯૫૫

❖ શૈશવભાઈ : પાલડી, અમદાવાદ-૦૭, ● મો. ૯૮૨૫૦૧૧૭૨૯

❖ રાજેશભાઈ : આંબાવાડી, અમદાવાદ-૧૫, ● મો. ૯૪૨૭૬૫૨૭૯૪

❖ નિરંજનભાઈ : ફો. ૦૭૯-૨૬૬૩૮૧૨૭ મીતેશભાઈ : ૯૪૨૭૬૧૩૪૭૨

(તા.ક. બુકો મેળવવા માટે સમય પૂછીને જવું. ૧૨ થી ૪ સિવાય)

**મુંબઈ :**

❖ પ્રબોધભાઈ : યુમેકો, ૧૦૩, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ૧લો માળ, મુંબઈ-૪૦૦૦૦૩ : ફોન : ૨૩૪૩૮૭૫૮, ૯૩૨૨૨૭૯૯૮૬

❖ નીલેશભાઈ : ફોન : ૨૮૭૧૪૬૧૭, મો. : ૯૨૨૧૦૨૪૮૮૮

**જૈન આદર્શ પ્રસંગો ભાગ ૧ થી ૮ (પાકા પુંઠાની) કન્સેશનથી ₹ ૩૫**

**જૈન આદર્શ પ્રસંગો ભાગ ૧ થી ૧૪ છુટા, દરેકના માત્ર ₹ ૨**

**જૈન ધર્મની સમજ ભાગ ૧ થી ૩ માત્ર ₹ ૨, પેજ ૪૮**

जैन आदर्श कथाएँ (हिन्दी) भाग १ से ५ प्रत्येक का ₹ ७

**શુભ પ્રસંગે પ્રભાવના કરવા જેવું સસ્તું પુસ્તક**

**પ્રસંગોના બધા ભાગની કુલ ૬,૫૪,૦૦૦ નકલ છપાઈ**

## પ્રસ્તાવના

૨૧મી સદીમાં ચારે બાજુ ભોગવાદ, ભૌતિકવાદ ફેલાયો છે. ઘણા ખરા જીવો સ્વાર્થની પરાકાષ્ઠાએ પહોંચી દુર્જનતાની ટોચ પર બેસી માત્ર લક્ષ્મીના પૂજારી બન્યા છે. તેવા કાળમાં પણ ઉત્તમ, ગુણી, નિઃસ્વાર્થી જીવો જોવા મળે છે. બાગમાં ફૂલ, કાંટાની વચ્ચે ઉગતું હોવા છતાં આપણે ફૂલને જ જોઈએ છીએ, તેમ આ વિષમ કાળે અનેક ધર્મરહિતોની વચ્ચે રહેલાં સજ્જનો અને ધર્મીના ગુણોને માણી, તેમની આરાધના જાણી આપણે પણ તેવા ગુણો, આરાધના લાવી વહેલી તકે મુક્તિસુખના ભાગી બનીએ તે જ શુભેચ્છા.

લગભગ સત્તર વર્ષમાં ચૌદ ભાગ વાચકો સમક્ષ રજૂ કરવાનો સંતોષ છે. વાંચી આરાધના, અનુમોદનાથી મળેલ જૈનપણાને સાર્થક કરશો. આ ભાગમાં કેટલાંક પ્રસંગો સાંભળેલા, કેટલાંક અમે અનુભવેલા તથા કેટલાંક તો સાક્ષાત્ જોયેલા લેવામાં આવ્યા છે. ઉપરાંત જૈન આદર્શ પ્રસંગો ભાગ-૧ થી ૬ પરના પેપરમાં ઘણા બધાએ સાંભળેલ, અનુભવેલ ચમત્કારો લખ્યા હતા, જેમાંથી કેટલાંક આ ભાગમાં લેવામાં આવ્યા છે. પ્રાંતે, જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

## પ્રભાવના કરનારને અગત્યનું

૪ થી ૮ દિવસ પહેલાં **મીતેશભાઈનો મોબાઈલ નંબર : ૯૪૨૭૬ ૧૩૪૭૨ અથવા જગતભાઈનો મો. : ૯૪૦૮૭૭૬૨૫૯** સંપર્ક કરવાથી તમને પુસ્તકો સમયસર મળી શકશે. આપને મીતેશભાઈ તથા જગતભાઈ શક્ય બધી સગવડતા અને સમજ આપશે.

## પુસ્તક પ્રેમીઓને અમૃત અવસર

હે વાંચન પ્રેમીઓ ! ઘણાને આ પ્રેરક પુસ્તકોની પ્રભાવના શુભ પ્રસંગે કરવાની ભાવના થાય છે. ભાગ ૧ થી ૮ ભેગું પુસ્તક રૂ. ૩૫નું હોવાથી ઘણાંને મોંઘુ પડે છે. તેવા પણ, આ પ્રસંગો પુસ્તકના છુટા એક અથવા વધુની **પ્રભાવના કરી શકે તે આશયથી ભાગ ૧ થી ૧૪ છુટા અલગ સુંદર ટાઈટલમાં છપાવ્યા છે.** વળી બધે મોંઘવારી વધી છે. છતાં આપણે આ છુટા ભાગની કિંમત રૂ. ૫ થી ઘટાડી રૂ. ૨ કરી છે. તો આપ જરૂર પાઠશાળા વગેરેમાં તથા ધાર્મિક પ્રસંગે પ્રભાવના કરી સ્વ-પર આત્મહિત કરશો.

વળી પ્રભાવના કરનાર, તપ વગેરે નિમિત્તે પોતાના નામ તથા કરેલા માસક્ષમણ વગેરે તપની આરાધના વગેરેનો આ ૧૪ ભાગના ટાઈટલ પેજ ૨ ની નીચે બોક્સ ખાલી રાખ્યું છે તેમાં સિક્કો અથવા સ્ટીકર લગાવે તો સ્વજનોને અનુમોદના, યાદગીરી રહે.

# નવા પુસ્તકમાં લાભની સ્કીમો

ખલાસ થતાં આ પુસ્તક દર ૧-૨ વર્ષે નવા છપાય છે. તેથી પુસ્તક પ્રકાશનના કાર્યમાં દાતાઓએ લાભ લેવા માટે મીતેશભાઈનો સંપર્ક મો. નં. ૦૯૪૨૭૬૧૩૪૭૨ ઉપર અમદાવાદ કરવા વિનંતી.

૧. નકલ ત્રણ હજારમાં ફોર કલરમાં ફોટો-મેટર છપાવવા : ટાઈટલ પેજ ૪ ઉપર આખુ પાનું ₹ ૬,૦૦૦, અડધું પાનું ₹ ૩,૦૦૦.

૨. 'પુસ્તક સહાયક ભક્તિ'માં નામ એક લીટીમાં છાપવા : ₹ ૧,૦૦૦

૩. પુસ્તક છપાશે ત્યારે તમે આપેલા સરનામે ૨ પુસ્તક ભેટ મોકલવામાં આવશે. તમારો મોબાઈલ નંબર ખાસ આપશો..

૪. તમારો સહયોગ જેટલો વધુ તેટલી કિંમત સસ્તી રખાશે. (ઉદા. ₹ ૨ વગેરે)

# ભાગ-૭ની અનુક્રમણિકા


| ક્રમ | પ્રસંગ | પાના નં. |
|---|---|---|
| ૧. | ઉનાળામાં ૯૯ જાત્રા | ૫ |
| ૨. | વર્ષીતપથી કીડનીના રોગનો નાશ | ૭ |
| ૩. | આશતાનાનો પરચો | ૯ |
| ૪. | નિયમમાં દૃઢતા | ૧૦ |
| ૫. | અઠ્ઠમથી કેન્સર કેન્સલ | ૧૧ |
| ૬. | અજૈનની જયણા | ૧૨ |
| ૭. | ગુરૂભક્તિનો પ્રભાવ | ૧૩ |
| ૮. | અમીઝરણાથી રોગનાશ | ૧૪ |
| ૯. | તપથી અણીઝરણા | ૧૫ |
| ૧૦. | જીવદયા ધર્મસાર | ૧૬ |
| ૧૧. | નવકાર કરે ભવપાર | ૧૮ |
| ૧૨. | બેડ રેસ્ટ છતાં તપસ્વી | ૧૮ |
| ૧૩. | ધર્મ છે તારણહાર | ૧૯ |
| ૧૪. | વિમલનાથે વિમલ કર્યા | ૨૦ |
| ૧૫. | માસક્ષમણથી રોગનાશ | ૨૧ |
| ૧૬. | મહામંત્ર છે મોટો જગમાં | ૨૨ |
| ૧૭. | ઉવસગ્ગહરં સ્તોત્રનો ચમત્કાર | ૨૩ |
| ૧૮. | લેવા જેવું સંયમ | ૨૪ |
| ૧૯. | ધર્મ દૃઢતા | ૨૫ |
| ૨૦. | નવપદની ઓળીનો પ્રભાવ | ૨૬ |
| ૨૧. | મૃત્યુ મરી ગયું રે લોલ | ૨૭ |
| ૨૨. | ધર્મ વસીયો હૃદયમાં | ૨૮ |
| ૨૩. | હકનું છોડે તે રામ | ૩૦ |
| ૨૪. | ટ્રસ્ટીની ઉત્તમ સંઘભક્તિ | ૩૨ |
| ૨૫. | ધન્ય છે શ્રી કૃષ્ણનગરને | ૩૨ |
| ૨૬. | જિનવાણીમાં અખૂટ શ્રદ્ધા | ૩૩ |
| ૨૭. | મીની શ્રાવકની ભવ્ય આરાધના | ૩૫ |
| ૨૮. | શ્રાવક હોય તો આવા. | ૩૬ |
| ૨૯. | અજૈનની ગુરુભક્તિ | ૩૬ |
| ૩૦. | દેવ દ્રવ્યની ભક્તિ | ૩૮ |
| ૩૧. | શંખેશ્વર સાહિબ સાચો | ૩૮ |
| ૩૨. | પુણ્યના ચમકારા | ૩૯ |
| ૩૩. | ભવોભવ સુધારનારી મા | ૪૧ |
| ૩૪. | અજૈન બાળકીની દીક્ષા | ૪૩ |
| ૩૫. | શિબિર વિના નહિ સંસ્કાર | ૪૫ |
| ૩૬. | પાપની કમાણીનો પરચો | ૪૬ |
| ૩૭. | એના મહિમાનો નહિ પાર | ૪૮ |

# જૈન આદર્શ પ્રસંગો

## ભાગ - ૭

### ૧. ઉનાળામાં ૯૯ જાત્રા

આજથી આશરે **૫ વર્ષ પૂર્વે મુંબઈના કેટલાંક છોકરા છોકરીઓને ભાવના થઈ કે, આપણે શત્રુંજય તીર્થની ૯૯ યાત્રાની આરાધના કરવી છે.** ઉંમર આશરે ૧૫-૨૦ વર્ષ. ઉંમર ઓછી પણ ભાવ ઘણા. શિયાળામાં ઘણા ૯૯ યાત્રા કરે પરંતુ આ મીની શ્રાવક-શ્રાવિકાઓને ત્યારે સ્કૂલ-કોલેજો ચાલુ હોય. વેકેશનમાં ઉનાળાની ગરમી જોરદાર હોય તો ૯૯ યાત્રા ક્યારે કરવી ? એ એક મોટો પ્રશ્ન આવીને ઊભો. ચોમાસામાં તો જાત્રા થતી નથી તો ૯૯ યાત્રાનો તો સવાલ જ નથી આવતો.

ભાવનાની દૃઢતા હોવાથી છેવટે **૧૫-૨૦** મીની શ્રાવક-**આરાધકોએ** ઉનાળાની ગરમીમાં પણ ૯૯ યાત્રા કરવાનું નક્કી કર્યું. કેટલાંકના માતાપિતાઓએ પાલીતાણામાં જોડે રહી ખૂબ સહાય કરી. દેવ-ગુરૂની કૃપા અને દૃઢ મનોબળના પ્રભાવે ખરેખર ઉનાળાની કાળઝાળ ગરમીમાં પણ ૯૯ યાત્રા હેમખેમ પૂરી કરી !!

આ જોઈને-સાંભળીને **બીજા વર્ષે ૬૫-૭૦** મીની શ્રાવક-શ્રાવિકાઓએ ૯૯ યાત્રાનો નિર્ધાર કર્યો. મુંબઈ કરતાં પાલીતાણાની ગરમી અનેકગણી વધારે લાગવાં છતાં ૬૫-૭૦ ભાગ્યશાળીઓએ નાની ઉંમરમાં ૯૯ યાત્રા પૂરી કરવાની સિધ્ધિ મેળવી. બસ પછી તો સિલસિલો ચાલ્યો. **ત્રીજા વર્ષે ૧૫૦ની** આસપાસ અને ગયા વર્ષે **પ્રાયઃ ૨૦૦૦** જેટલી સંખ્યામાં બાળ આરાધકોએ ઉનાળાની લૂ વાતી ગરમીમાં ૯૯ યાત્રાનું એવરેસ્ટ શિખર સર કર્યું.

આ વર્ષે ઈ.સ. **૨૦૦૮ની સાલમાં તો ૩ અલગ-અલગ ભક્ત પરિવારોએ ઉનાળામાં શત્રુંજય તીર્થની ૯૯ યાત્રા કરાવવાનો નિર્ધાર જાહેર કર્યો.** ફોર્મ બહાર પાડ્યા. ધાર્યા કરતાં અનેક ગણી સંખ્યામાં ફોર્મ ભરાયા. છેવટે કેટલાક પાસ થયા. કુલ મળી **૨૦૦૦ જેટલી સંખ્યામાં ૮ થી ૨૦ વર્ષની આસપાસની ઉંમરના બાળ આરાધકોએ ૯૯ યાત્રાની રેકોર્ડ બ્રેક આરાધના કરી.**

સવારના ૪/૩૦ વાગ્યાની આસપાસથી શરૂ થતી યાત્રાઓ બપોરે ૧૦-૧૧-૧૨ સુધી ચાલતી. કોઈ રોજની ૨, તો કોઈ રોજની ૩ જાત્રાઓ કરવા લાગ્યા. **એક ભાઈબહેને તો આટલી નાની ઉંમરમાં એક જ દિવસમાં ૮–૮ (!!!) જાત્રાઓ કરી અનંતા કર્મના** ભૂક્કા બોલાવી નાંખ્યા. **એક મીની આરાધકે ૨૧ દિવસમાં ૧૦૩ જાત્રાઓ કરી. ચોવિહારો** છઠ્ઠ કરી સાત જાત્રા કરવાની આવી ત્યારે પણ કેટલાકે તો છઠ્ઠ-અઠ્ઠમમાં ૧૮/૧૭/૧૧/૯ જાત્રાઓ કરી. જાણે કે ત્રીજા ભવે મોક્ષ મેળવવા માટે હરીફાઈ લાગી ન હોય !!

છેલ્લા ૫-૭ વર્ષથી ચોવિહારો છઠ્ઠ કરી સાત જાત્રા કરનારા અનેક ભાગ્યશાળીઓ હતા જ્યારે આ ટેણિયાઓએ તો આવી ગરમીમાં ચોવિહાર છઠ્ઠમાં સાત જાત્રા સાથે ૯૯ યાત્રા કરી જિનશાશનના ગગનમાં પોતાનો સિતારો ચમકાવી દીધો.

સંપૂર્ણ જાત્રા દરમ્યાન કેટલાંક બાળકો વાતોનું પાપ કરવાને બદલે છેકથી છેક શ્રી આદિનાથ દાદાનો જાપ કરતાં. આ દિવસોમાં જાત્રા કરવા જનારા સહુએ આ ૨૦૦૦ બાળ આરાધકોની આરાધનાના સાક્ષાત્ દર્શન કર્યા અને મોઢામાંથી અનુમોદના સાથે હૈયાથી નમી પડ્યા. **હે જૈનો ! તમો બધાને ય તીર્થયાત્રાની હોંશ ઘણી જ છે. ઓછી વત્તી જાત્રા કરો જ છો તો સંકલ્પ કરજો કે સમ્યક્ત્વથી શિવગતિ મેળવી આપનારી તીર્થયાત્રા હવેથી હું પણ ભાવથી અને વિધિપૂર્વક જ કરીશ.**

કલિકાળમાં મોટાભાગના બાળકો ૧૦ મહિના સુધી સ્કૂલ, ક્લાસ, લેશન અને ટીવીના ચક્કરમાં એવા ફસાયેલા હોય છે કે રમવાનો પણ સમય ઘણી વાર નથી મળતો. વેકેશનમાં બે મહિના માંડ રમવાનો સમય મળતો હોય, તેમાં ૯૯ યાત્રાની આરાધના કરનાર બાળકોને ધન્યવાદ છે. તેમના માતાપિતાઓને તો ખૂબ ધન્યવાદ છે કે પોતાના કાળજાના ટુકડાને કમ્પ્યૂટર ક્લાસ, કરાટે ક્લાસ જેવા ક્લાસીસને બદલે પુણ્યાનુબંધી પુણ્યનું ઉપાર્જન કરનારા આવા આરાધનાના ક્લાસમાં મોકલ્યા. **હે મા-બાપો ! તમે પણ તમારા સંતાનોનું હિત ઇચ્છતા હો તો છેવટે વેકેશનમાં પણ આવી તીર્થયાત્રા, પ્રભુભક્તિ, પાઠશાળા, શિબિર, ધાર્મિક વાંચન વગેરે ઉત્તમ આરાધનાઓની પ્રેરણા કરી સ્વપરહિત કરશો.**

પાંચ વર્ષથી આ ઉત્તરોત્તર વૃદ્ધિના માર્ગે આગળ વધી રહેલા મિશનનું છઠ્ઠું વર્ષ તો કોણ જાણે કયો રેકોર્ડ તોડશે ? એ ભવિષ્ય જ દેખાડશે. કહેવાય છે ને કે "આગે આગે દેખતે જાવ હોતા હૈ ક્યા ?"

## ૨. વર્ષીતપથી કીડનીના રોગનો નાશ

વડોદરાના એ ભાગ્યશાળીનું નામ **નિપુણભાઈ** છેલ્લા બે વર્ષથી કિડનીની બિમારી હતી. મોટા પ્રસિદ્ધ ડૉક્ટરોને બતાવ્યું પણ કોઈ ફેર ન પડ્યો, દર્દ વધતું જ ગયું.

**નડિયાદ**ની કિડની હોસ્પિટલમાં તપાસ કરાવતા ડૉક્ટરોએ જણાવ્યું કે **બંને કિડની ફેઈલ છે, ઓપરેશન કરાવવું પડશે.** અસહ્ય વેદનાને લીધે શારીરિક અને માનસિક રીતે હારી ગયેલા. મૃત્યુ સામે જ દેખાવા માંડ્યું. વિચાર્યું કે વહેલાં મોડા મરવાનું તો છે જ, તો પછી ઓપરેશન કરી આ દેહને શું કામ દુઃખી કરવો ? સગાઓએ ઓપરેશન માટે ખૂબ આગ્રહ કર્યો પણ નિપુણભાઈએ અસંમતિ દર્શાવી.

આ જ સમયે જોગાનુજોગ વડોદરામાં **પૂ.આ.શ્રી નરદેવસાગરસૂરીશ્વરજી**ની પ્રેરણાથી બસો જેટલાં સામુહિક **વર્ષીતપ**ની શરૂઆત થઈ. નિપુણભાઈના જીવનમાં એકાસણાથી વધુ તપ થયું ન હતું. **૬૦ વર્ષની ઉંમરમાં ક્યારેય ઉપવાસ નહોતો કર્યો.** પૂ. ગુરૂદેવને વંદન કરવા ગયા અને ગુરૂદેવે પરિચય પૂછતાં નિપુણભાઈએ પોતાની બિમારી અંગે વ્યથિત હૃદયે વાત કરી.

ગુરૂદેવે સમજાવ્યું કે **તપથી નિકાચિત કર્મ પણ નાશ પામે છે. મરતાં મરતાં જીવવું એના કરતાં હિંમતથી વર્ષીતપની શરૂઆત કરો.** રોજ રોજનું પચ્ચક્ખાણ છે. તપથી અસાધ્ય બિમારીઓ જશે અને જીવન રમતાં રમતાં પસાર થશે. **હિંમતે મર્દા તો મદદે ખુદા !** બસ ગુરૂદેવની પ્રેરણા પામી ભાવ વધતાં એક વાર તો વર્ષીતપની શરૂઆત કરી. શરૂ શરૂમાં ઉપવાસમાં થોડી મુશ્કેલી પડી પરંતુ થોડા દિવસમાં તો તપ જાણે કે કોઠે પડી ગયો.

**વર્ષીતપ રંગેચંગે પૂર્ણ થઈ ગયો !** શારીરિક થોડીક અશક્તિ લાગતા ડૉક્ટરને બતાવવા ગયા. આમ પણ બંને કિડની ફેઈલનો રોગ પહેલેથી હતો. એટલે એક્ષ-રે, સોનોગ્રાફી વિગેરે રીપોર્ટ કરાવ્યા પરંતુ આશ્ચર્ય એ સર્જાયું કે રીપોર્ટોમાં કીડની બિલકુલ નોર્મલ આવી. માત્ર ૧ વર્ષમાં સતત તપને લીધે સામાન્ય અશક્તિની મુશ્કેલી હતી. પારણામાં ધીમે ધીમે અશક્તિની મુશ્કેલી દૂર થતી ગઈ. આજે પણ તબિયત સારી છે. **તપના પ્રભાવે કીડની સુધરી ગઈ !!**

વર્તમાનકાળે વર્ષીતપ વિગેરેના તપના પ્રભાવે અનેક રોગો નાશ પામ્યાના આવા બીજા અનેક દૃષ્ટાંતો સાંભળવા મળે છે. સર્વજ્ઞ ભગવંત ક્યારેય આપણા અહિતની કે આપણને દુ:ખી કરવાની વાત કરે જ નહિ. ખુદ તીર્થંકરોએ જીવનમાં આચરેલ તપથી આપણને પણ

પ્રેરણા કરી છે કે **આત્મિક અને શારીરિક ઢગલાબંધ રોગોને દૂર કરવાની માસ્ટર કી એટલે તપ.**

ચાલો, આપણે પણ તપની ગાડીમાં બેસી મુક્તિપુરી સ્ટેશને વહેલી તકે પહોંચી જઈએ એ જ શુભાભિલાષા.

### ૩. અશાતનાનો પરચો

વડોદરા પાસે આવેલા એક ગામમાં **હેમા** નામની એક જૈન છોકરીની આ વાત છે. હેમાં ભણેલી ગણેલી, સુખી શ્રીમંત ઘરની સુપુત્રી છે. કોલેજમાં B.Sc. કર્યું પરંતુ **ધર્મ પ્રત્યે સાવ નાસ્તિકતા.** પૂર્વભવના પાપે આ ભવમાં ધર્મ સૂઝતો ન હતો.

એક વાર કોલેજમાંથી બધા પીકનીક જાય છે, હેમા પણ સાથે ગઈ છે. એક સ્થળે દેરાસર આવ્યું. હેમા **M.C.** માં હોવાથી બહેનપણીઓ તેને લીધા વગર દર્શન કરવા ગઈ. એમની પાછળ ના પાડવા છતાં હેમા પણ દેરાસરમાં પ્રવેશી. **M.C. માં દેરાસરમાં ન જવાય, આશાતના કહેવાય** એમ ખબર હોવા છતાં નાસ્તિક હેમા આશાતનાને નેવે મૂકી દેરાસરમાં પ્રવેશી. બસ, જુવો હવે પાપના ફળ.

**દેરાસરમાં પ્રભુ સમક્ષ હાથ જોડતાંની સાથે જ હાથપગ જે પરિસ્થિતિમાં હતા તેમ સજ્જડ થઈ ગયા. હલનચલન કરવું અશક્ય બની ગયું. જાણે કે સાક્ષાત્ મૂર્તિની જેમ જડ બની ગઈ.** બહેનપણીઓ ગભરાઈ ગઈ. ડૉક્ટરને બોલાવ્યા. ડૉક્ટરે તપાસ કરી, દવાઓ આપી પણ કાંઈ વળ્યું નહિ. ઘરવાળાઓને બોલાવવાનો વિચાર કર્યો. એટલાંમાં ત્યાં જ બેઠેલા એક શ્રાવિકાબેને પોતાની વિધિ પતાવી વિગત પૂછી. આશાતનાનું ફળ જાણ્યું. બધાને હિંમત આપતાં કહ્યું કે, સૌ નવકાર મહામંત્રનો જાપ કરો. પ્રભુ અવશ્ય રસ્તો બતાવશે. સૌએ સાથે મળી નવકાર ગણવા માંડ્યા.

**૧-૨ કલાક પસાર થયા અને નવકારજાપના પ્રભાવે ધીમે**

**ધીમે હાથ-પગ, મોઢું છૂટા પડવા માંડ્યા. હલનચલન શરૂ થયું.** જાનમાં જાન આવી અને મોતના મુખમાં ગયેલી હેમા જાણે કે પાછી આવી.

નાસ્તિક હેમા જીવનમાં આ પ્રસંગ બન્યા પછી તો ધર્મ પ્રત્યે ખૂબ શ્રદ્ધા ધરાવતી થઈ ગઈ. નવકાર જાપાદિ આરાધનાઓ કરતી થઈ ગઈ. હવે પછી ક્યારેય આવી આશાતના તીર્થ, દેરાસરાદિમાં ન કરવી તેવો નિયમ લીધો. હવે તકલીફમાં સૌ પ્રથમ નવકાર મહામંત્ર યાદ આવે છે.

વિદેશોમાં અનેક જગ્યાએ M.C. પાલનની ખૂબ મહત્તા છે. M.C. વાળાની નજર પડવાથી ખાંડ કાળી પડી જવી વિગેરે અનેક નુકાસાનો સાબિત થયેલા છે. **M.C. પાલન ન કરનારના ઘરોમાં લક્ષ્મી અને સરસ્વતી દેવીનો વાસ થતો નથી.**

આવા દિવસોમાં ધર્મના તો શું, પણ રસોઈ વિ. ઘરના કોઈ કાર્યો ન કરી શકાય. છાપા વાંચવા, ભણવું વિગેરે પણ જ્ઞાનની આશાતના કહેવાય. બને તેટલું મૌન રાખી હૃદયમાં શુભ ભાવોની વિચારણા કરતા રહેવું.

M.C. ન પાળવાના નુકસાનો અંગે અનેક પુસ્તકો બહાર પડેલાં છે. વાંચશો, વિચારશો અને વર્તનમાં લાવશો તો અશાતનાના પાપોથી બચશો.

## ૪. નિયમમાં દૃઢતા

રાણપુરનો પ્રશાંત મીકેનીકલ એન્જીનીયર છે. પાંચ વર્ષથી **નિયમ મુજબ પહેલી રોટલી લૂખી ખાય છે.** તેની ધર્મપત્ની પણ રોજ ૧ લૂખી રોટલી ખાય છે. કંપની તરફથી અવારનવાર મદ્રાસ વિ. દૂર સુધી જવાનું થાય ત્યાં પણ **હોટલમાં સૂચના આપી લૂખી રોટલીનો નિયમ પાળે છે !**

**૩ વર્ષ પૂર્વે કંપનીના કામે યુરોપ ૨૮ દિવસ માટે** જવાનું

**થયું. સાથે કોરા ખાખરા લેતો ગયો અને નિયમ પાળ્યો. ત્યાંની અભક્ષ્ય વસ્તુઓના પાપથી બચવા સૂકો નાસ્તો જોડે રાખેલો. નાસ્તા અને ફ્રૂટ પર ચલાવ્યું પણ અભક્ષ્ય ન ખાધું.**

આજે પણ શ્રીમંત કુટુંબના નબીરાઓ એવા છે કે વિદેશોમાં જવાનું થાય તો પણ અભક્ષ્ય-કંદમૂળના પાપથી બચે છે.

**વંકચૂલે** ૪ નિયમ પાળ્યા અને અનેક લાભ મેળવ્યા. અંતે બારમા દેવલોકમાં ગયો. એમ આપણે પણ નિયમ મક્કમતા પૂર્વક લઈ સારી રીતે પાળવા જોઈએ. લઈ શકાય એવા નિયમ તૂટી જવાની બીકથી નહીં લઈએ તો પાપ ભારે બંધાશે. શક્ય નિયમ લઈ અજાણતા તૂટી જાય એનાં કરતાં નિયમ જ ન લે એ પાપ હજારો ગણું મોટું છે.

દુકાન ખોલીને ધંધો કરતાં દેવાળું ફૂંકે એટલે કાંઈ સંસારીઓ કાયમ ધંધો બંધ નથી કરતાં. ક્યારેક વધુ પડતું ખવાઈ જવાથી પેટ બગડી જાય એટલે સંસારીઓ ખાવાનું બંધ નથી કરતાં, એમ **નિયમ લઈ અજાણતા તૂટી જાય એટલે નિયમ જ નહીં લેવાનો આ તો મહામૂર્ખતા જ કહેવાય.**

## ૫. અઠ્ઠમથી કેન્સર કેન્સલ

**ભીમ** નામનું અજૈન ગામ. ધર્મના સંસ્કારનો સાવ અભાવ, અળગણ પાણી, રાત્રિભોજનાદિ પાપો તો સામાન્યથી રોજ થતાં.

એવામાં ત્યાં પૂ. આ. **શ્રી જીતેન્દ્રસૂરીજી** પધાર્યા. જિનવાણી, સત્સંગના પ્રભાવે અનેક લોકો ધર્મ કરતાં થયા. જેમની એક દિકરીએ દીક્ષા લીધી એવા **રોશનભાઈ** પણ પરિવાર સાથે ગામમાં રહેતાં હતાં. રોશનભાઈએ ગામના હાઈવે પર પૂજ્યશ્રીની પ્રેરણાથી દેરાસર પણ બંધાવ્યું. આ જ રોશનભાઈના જીવનનો પ્રસંગ જાણીએ.

૫૫ વર્ષની આસપાસ રોશનભાઈને **કેન્સરની** ગાંઠ થઈ.

ડૉક્ટરો અને દવાઓના ચક્કરો નિષ્ફળ ગયા. **ડૉક્ટરોએ હાથ ઊંચા કરી દીધા. બચવાની સંભાવના દેખાતી નથી.** બધાએ પૂજ્યશ્રીને વાત કરી. સામૂહિક અઠ્ઠમ તપ કરાવવાના હતા એટલે પૂજ્યશ્રીએ ધર્મ પર શ્રદ્ધા રાખી **અઠ્ઠમ** કરવાની પ્રેરણા કરી. રોશનલાલાને પણ થયું કે કેન્સરથી ગમે ત્યારે મરણ આવે એ પહેલાં થાય તેટલો ધર્મ કરી લેવો. અઠ્ઠમમાં ઝૂકાવ્યું. કર્મના ઉદયે તબિયત બગડી (?). કેન્સરની ગાંઠ ફૂટી ગઈ. ઝાડા થવા લાગ્યા. એમાં ગાંઠ બહાર નીકળી ગઈ. ડૉક્ટરને બોલાવ્યા. તપાસ કરતાં કહ્યું કે **ગાંઠ નીકળી ગઈ છે. હવે કેન્સર મટી ગયું છે.** કોઈ ચિંતા નથી.

ભક્તિગીતમાં કહે છે કે **"જબ કોઈ નહિ આતા, મેરે દાદા આતે હૈં, મેરે દુઃખ કે દિનો મેં વો બડે કામ આતે હૈં."** ખરેખર પરમાત્મા અને પ્રભુએ બતાવેલા તપનો મહિમા અપરંપાર છે. રોશનલાલના દીકરી મ.સા.નું નામ છે પૂ.સા. શ્રી ગંભીરરેખાશ્રીજી.

## ૬. અજૈનની જયણા

મુંબઈની એક જૈન શ્રાવિકા લખે છે કે હું પરણીને સાસરે આવી. સાસરામાં કાયમી એક કામવાળી બેન રાખેલી છે. જેને ઘરના સૌ માનથી "બાયા" કહે છે. મરાઠી છે. મારી સાસુએ રસોડામાં, ઘરના દરેક કાર્યમાં જયણા કેમ કરાય તે તેને શીખવાડ્યું છે !

મેં ભાજી વિગેરે એમ ને એમ ડાળખા કાઢી સુધારવા માટે લીધી તો બાયા મને કહે, "ભાભી ! પેલી ચાળણી લઈને પહેલાં ભાજીને ચાળી લો. કોઈ ઈયળ કે જીવાત હોય તો મરી જાય." ભાજી અંગેની જયણા મને તેણે શીખવાડી !!

**અનાજમાં ક્યાંય કીડી ચડી જાય તો તાપમાં તડકે ન મૂકતાં, છાયડાંમાં મૂકે. કેમકે કીડીને ગરમી ન લાગે. માળિયા પરથી પુસ્તક ઉતારવાનું હોય તો પૂંજણી લઈ પુસ્તક પુંજી જાળા વિ. જીવો વિ. દૂર**

**કરે અને પછી આપે. દાળ, ચોખા લે તો ચાળીને જ લેવાના. દરેક કામમાં છ જીવનિકાયના જીવોની શક્ય તેટલી જયણા પાળવાની.**

તાત્પર્ય એ છે કે કોઈ ચોકી પહેરો ન ભરતું હોવા છતાં અજૈન બાઈને જયણા ગમે છે તો સારી રીતે પાળે છે. પૂર્વે ભીંડા વિગેરે સમારતા પહેલાં એક ભીંડાને બાજુમાં મૂકી અભયદાન આપતા. જ્યારે આજે જૈન પરિવારોમાં પણ પ્રભુની આજ્ઞા મુજબની જયણા ખૂબ ઓછી જોવા મળે છે. **"સ્ત્રીનો અવતાર એટલે પાપનો અવતાર"** અને એમાં પણ જયણા, જીવદયા ન પાળીએ એટલે બીજા અનેક પાપો ઉમેરાય.

જયણાને જાણી શક્ય તેટલી જયણા પાળવા પ્રયત્ન કરે તેનું નામ સાચો જૈન.

## ૭. ગુરૂભક્તિનો પ્રભાવ

વડોદરાના રજનીકાંતભાઈને પોતાના ગુરૂ પ.પૂ. **આ. શ્રી ભુવનભાનુસૂરીજી** પર ગજબનાક શ્રદ્ધા છે. ૨૫ વર્ષ પૂર્વે આકાશવાણી ઉપર "આમલી-પીપળી" પ્રોગ્રામમાં સંવત્સરી પર્વના દિવસ માટે પ્રોગ્રામ રેકોર્ડીંગ કરવા જવાનું હતું. સમયની મર્યાદા હોવાથી રજનીકાંતભાઈએ ખૂબ મહેનત કરી હતી. જૈનોનો પ્રોગ્રામ રેડીયો પર આવે, અનેક લોકો ધર્મ પામે માટે ખૂબ મહેનત કરી હતી, ઘણી હોંશ હતી. એ સમયે ટી.વી.નો વ્યાપ ઓછો હતો.

અચાનક તે દિવસે સવારથી તબિયત ખૂબ બગડી હતી. ઝાડા થઈ ગયા. ચિંતા થઈ કે આવો લાભ કેમ ગુમાવાય ? શું કરવું ? કાંઈ સમજાતું નહોતુ. છેવટે ગુરૂદેવ યાદ આવ્યા.

પ.પૂ. ગુરૂદેવ શ્રી ભુવનભાનુસૂરીશ્વરજીના ફોટા સામે બેસી ગયા. **ગુરૂદેવના ધ્યાનમાં મસ્ત બની ગયા. ઘરના સૌ નવકારનાં જાપમાં લાગી ગયા.** જાપના પ્રભાવે શક્તિનો સંચાર થયો, સ્વસ્થ

થયા અને બોલી ઊઠ્યા કે **ગુરૂદેવ ! આ જૈનોની પ્રભાવનાનો પ્રસંગ છે. મને શક્તિ આપો કે હું આ કાર્ય પાર પાડી શકું, મને સહાયરૂપ બનો.**

દેવ-ગુરૂની કૃપાથી સારૂં થઈ ગયું. આકાશવાણી પહોંચ્યા સુંદર રેકોર્ડીંગ થયું અને સંવત્સરીના દિવસે આકાશવાણી પર પ્રસારિત થયું. જૈન-અજૈનો ઘણાંએ સાંભળ્યું. ગુરૂદેવની શ્રદ્ધાને પ્રભાવે રજનીકાંતભાઈને ઘણા ચમત્કારીક અનુભવો થયા છે.

ગુરૂની મહાનતા શાસ્ત્રોમાં ખૂબ વર્ણવી છે. જેમ પરમાત્માની ભક્તિથી લાભો છે તેમ ગુરૂભક્તિથી પણ અપરંપાર લાભો છે. ચાલો, છેવટે રોજ ગુરૂવંદન કરવાનો પણ આજથી નિશ્ચય કરીએ.

## ૮. અમીઝરણાથી રોગનાશ

મુંબઈના શાંતિભાઈ ચિત્રકાર છે. દેરાસરના પટ, ગુરૂભગવંતોના ચિત્ર વિગેરે સુંદર બનાવે છે. એક વાર તેમને પગે ખરજવું થયું. ઘણી દવાઓ કરી પણ રોગ નાશ ન પામ્યો. ઉવસગ્ગહરં તીર્થની જાત્રા કરવા નીકળ્યા છે. પતિ-પત્ની પરમાત્માની પૂજા કરવા ગયા. શાંતિભાઈ પૂજા કરી બહાર બેઠા છે. પત્ની પૂજા કરી રહ્યા છે. **પૂજા કરતાં મૂલનાયક પ્રભુના નયનોમાંથી ૨-૩ ટીપાં ઝરતાં જોયા.** ખુશ થઈ ગયા. તુરંત જ ૨-૩ ટીપાં હાથમાં ઝીલી લીધા. શ્રદ્ધા-વિશ્વાસ પૂર્વક ૨-૩ ટીપાં લઈ ગભારામાંથી બહાર આવ્યા. પતિને જોયા. ખરજવું યાદ આવ્યું. **ખરજવા પર અમીઝરણા લગાડ્યા અને ખરેખર બે દિવસમાં ખરજવું મટી ગયું !!!** ઘણી દવાઓથી જે રોગ ન મટ્યો એ માત્ર અમીઝરણાના બે-ત્રણ બુંદથી મટી ગયો.

આપણે પણ અતિ ભાવપૂર્વક, શ્રદ્ધાપૂર્વક પરમાત્માભક્તિ

કરવા જેવી છે. વિશુદ્ધ ભાવના પ્રભાવે અનેક ચમત્કારો સર્જાતા હોય છે. સમગ્ર વિશ્વના જીવોના હિતની ભાવનાવાળા વિશ્વવત્સલ પ્રભુજી આપણને મળ્યા છે તો એવા પ્રભુના શરણે માથુ મૂકવા તૈયાર થઈ જજો અને આત્મકલ્યાણ પામો એ જ શુભેચ્છા.

## ૯. તપથી અમીઝરણા

**શ્રી કુંથુનાથ** જૈન સંઘ, સરસ્વતી, **પાલડી**માં વિ.સં. ૨૦૬૨ની સાલમાં પૂ. **શ્રી નયચંદ્રસાગરજી** મ.સા. એ સામૂહિક **સિદ્ધિતપ**ની પ્રેરણા કરી. ૮ બારીમાં કુલ ૩૬ ઉપવાસ અને ૭ બિયાસણાવાળા આ તપમાં આશરે **૫૪ જેવી સંખ્યામાં ભાગ્યશાળીઓએ શરૂઆત કરી.** સામૂહિક પચ્ચક્ખાણ માટે તપસ્વીઓ મૂલનાયક શ્રી કુંથુનાથ દાદાના દેરાસરમાં ભેગા થયા. ખૂબ ઉત્તમ ભાવનાપૂર્વક પૂ. શ્રીએ સહુને ૧ ઉપવાસનું પચ્ચક્ખાણ આપ્યું. **દાદાને પ્રાર્થના કરી કે હે દાદા ! આપનો અચિંત્ય પ્રભાવ છે. આપની કૃપાથી અમારૂં તપ નિર્વિઘ્ન પૂર્ણ થાઓ.** બસ હવે વાંચો તપનો પ્રભાવ.

સહુ ઘરે જવા નીકળ્યા એટલી વારમાં તો **એક પછી એક પ્રભુજીમાંથી દૂરથી પણ દેખી શકાય, ડોલ ભરી શકાય તેવા અમીઝરણા થવાના ચાલુ થયા.** ભાવિકો અને તપસ્વીઓ સૌને સમાચાર મળતાં સૌ દેરાસર તરફ દોડ્યા. પ્રભુજીમાંથી નીકળતાં અમીઝરણા જોઈ સકલ સંઘ આનંદવિભોર બની ગયો. **જે તપની શરૂઆતમાં અમીઝરણા થતા હોય એ તપ કેવો મહાન હશે ?**

ચાલો, આપણે પણ સિધ્ધિતપ જેવા મહાન તપ કરી આ માનવભવને સફળ બનાવીએ.

## ૧૦. જીવદયા ધર્મસાર

શાસનપ્રભાવક પૂ.પં. **શ્રી ચંદ્રશેખર** વિ. ગણીએ જૈન શાસનની ભાવિ પેઢી ઉત્તમ સંસ્કારયુક્ત, ધર્મમય બને વિ. અનેક ઉદ્દેશો સાથે અમદાવાદ તથા નવસારીમાં તપોવન જેવી સંસ્થાઓની પ્રેરણા કરી. આજે આ તપોવનમાં અનેક ખાનદાન, શ્રીમંત કુળના નબીરાઓ વ્યવહારિક શિક્ષણની સાથે ઉત્તમ સંસ્કારો સાથે તૈયાર થાય છે. **એસ.એસ.સી. માં પણ અહીંના વિદ્યાર્થીઓના નંબર આવે છે.** હમણાં તો અંગ્રેજી માધ્યમની સ્કૂલની પણ શરૂઆત કરી છે. બસ, આ જ તપોવનનો એક પ્રસંગ આપણે જોવો છે.

તપોવનનો એક વિદ્યાર્થી જૈન આદર્શ પ્રસંગો ભાગ ૧ થી ૬નું પુસ્તક વાંચી તેના પરનું પેપર ભરી રહ્યો છે. તે પેપરમાં તેના જીવનમાં બનેલો પ્રસંગ તેણે નીચે મુજબ જણાવ્યો છે.

સાંજની વાત છે. અમે સર્વ વિદ્યાર્થીઓ રૂમમાં બેસીને અભ્યાસ કરતાં હતા. વાતાવરણ શાંત હતું અને અચાનક એક વિદ્યાર્થીને કાને **બહારથી એક ભયાનક ચીસનો અવાજ આવ્યો.** અવાજની દિશામાં જોયું તો ચારથી પાંચ ફૂટ લાંબો કાળોતરો નાગ એક સસલાના બચ્ચાને ગળી જવા પ્રયત્ન કરતો હતો. અને સૌ સમય પારખીને દોડ્યા. એક વિદ્યાર્થીએ લાકડી લઈ નાગની બાજુમાં જોરથી પછાડી. અવાજથી નાગ સસલાના બચ્ચાને છોડી ભાગી ગયો. હવે સસલાના બચ્ચાની કરૂણ કથની અહીંથી શરૂ થાય છે. નાગે છોડી દીધા પછી સસલાનું બચ્ચું મૃત અવસ્થા જેવું પડ્યું હતું. અમને બધાને એમ હતું કે આ બચ્ચું કદાચ મરી ગયું હશે. છતાં મેં **આગળ રહીને તેની પાસે જઈને નવકારમંત્ર સંભળાવ્યા.** નવકાર નિરંતર ચાલુ હતા. ૧૦ મિનિટ થઈ ત્યાં, સસલાનું બચ્ચું થોડું સળવળ્યું. અમે જોયું અને અમને લાગ્યું કે આ સસલાની એક આંખ સાપ દ્વારા ફોડી નંખાઈ છે, કારણ

કે આંખેથી લોહીનો પ્રવાહ વહેતો હતો. ગળાનો ભાગ સાવ પીંખાઈ ગયો હતો. બે કાન તો સાવ તૂટવા જેવા થઈ ગયા હતા. બિચારૂં સસલાનું બચ્ચું ડચકાં લેતું હતું. અમને લાગ્યું કે આ સસલાનું બચ્ચું હવે મરી જશે. હવે વધારે જીવશે નહિ. નવકારનો જાપ ચાલુ રાખ્યો. થોડું પાણી મંગાવ્યું. તેના ઉપર છાંટ્યુ અને ચમત્કાર થયો. બધાના આશ્ચર્ય વચ્ચે થોડીવારમાં તો બચ્ચું પગે ઉભું થવાનો પ્રયત્ન કરવા લાગ્યું. અમને લાગ્યું કે આ શું થયું અને થોડીવારમાં બચ્ચું સંપૂર્ણ સ્વસ્થ થઈ ગયું ! અને અત્યારે અમારી પાસે ફરે છે, રમે છે.

બીજું, એક વખત એક કૂતરાનું બચ્ચું જેના આંતરડા બહાર નીકળી ગયા હતાં. આંતરડામાંથી લોહી નીકળતું હતું. લાગ્યું કે આ શું જીવશે ? ત્યાં અમારા પંડિતજીએ નવકાર સંભળાવવા માંડ્યા અને વિશ્વાસ ન બેસે એવી રીતે એ બચ્ચું તરત દોડવા લાગ્યું.

આ પ્રસંગ પરથી બોધ લેવા જેવો છે કે :

(૧) કોઈ પણ મનુષ્ય કે પ્રાણી મરવા પડ્યું હોય, મરેલું લાગતું હોય તો પણ તેના કાન પાસે ૩ કે ૧૨ નવકાર સંભળાવવા. ક્યારેક જીવતું હોય પણ હલી ન શકતું હોય. શાસ્ત્રોમાં નવકારનાં પ્રભાવે સાપ ધરણેન્દ્ર અને સમડી રાજકુમારી બની શકતી હોય તો આપણા નવકારના પ્રભાવે તે જીવને લાભ થઈ જાય. નવકાર સંભળાવ્યા બાદ જ બીજી સારવાર અંગે પ્રયત્ન કરવો.

(૨) તમારા સંતાનોને આવી રીતે જીવદયા પાળવાના સંસ્કાર આપો તો તેમના હૃદય દયા ગુણવાળા બને કે જેથી ભવિષ્યમાં તમારી સાથે પણ અને સહુ સાથે કોમળતાથી, લાગણીથી વ્યવહાર કરે.

(૩) તપોવન જેવી ઉત્તમ સંસ્થાઓમાં આપના સંતાનોને મૂકવાથી તેનું જીવન સંસ્કારમય બને, અને ધર્મમય બને.

## ૧૧. નવકાર કરે ભવપાર

૭-૮ વર્ષ પૂર્વ મુલુંડના સુનિલને છેલ્લાં કેટલાંક મહિનાઓથી માથાના દુઃખાવાની મુશ્કેલી હતી. **દિવસમાં ૨૪ કલાકમાંથી ૧૮ કલાક જેટલો સતત દુઃખાવો ચાલુ જ રહે.** અનેક ડૉક્ટરોની અનેક જાતની દવાઓ, જુદા જુદા નિદાનોથી કંટાળ્યો હતો. દર્દ સહન થાય નહિ. દુઃખાવો વધતો ચાલ્યો, માથા પછાડવા પડે, ચક્કર આવે. તેની મમ્મી **જૈન આદર્શ પ્રસંગોના ભાગ ૧ થી ૬નું પુસ્તક વાંચતી હતી.** અને સુનિલે આ ચોપડી જોઈ વાંચવા લીધી. તેમાં નવકારનો પ્રભાવ વાંચી પોતે નવકારના શરણે જવા નક્કી કર્યું.

શ્રદ્ધાથી નવકાર ગણવાના શરૂ કર્યા. ૧૦૦-૨૦૦ નવકાર પૂર્ણ કર્યા કે થોડો ફરક લાગવા માંડ્યો. જેમ જેમ નવકાર ગણાતા ગયા કે દુઃખાવો ઘટતો ગયો. **આશરે ૫૦૦૦ જેટલાં નવકાર પૂર્ણ થયા ત્યારે માથાનો દુઃખાવો લગભગ મટી ગયો !!!** સીટી સ્કેનનો રીપોર્ટ પણ નોર્મલ આવ્યો. નવકારના પ્રભાવે માથાનો દુઃખાવો મટી ગયો. અંતે એટલું જ કહેવું રહ્યું કે **નવકાર એ સઘળા દુઃખોને દૂર કરવાની માસ્ટર કી છે.** એકવાર શ્રદ્ધાથી અનુભવ તો કરી જુઓ.

## ૧૨. બેડ રેસ્ટ છતાં તપસ્વી

જામનગરના એ શ્રાવિકાની ઉંમર આશરે **૭૦ વર્ષ.** ઘણા વર્ષોથી તબિયત ખરાબ હોવાથી ઘણું ખરૂં પથારીમાં જ સૂતા રહેવું પડે. આમ છતાં આવી અવસ્થામાં પણ છેલ્લાં ૧ વર્ષમાં **વર્ધમાન તપનો પાયો** નાંખ્યો કે જેમાં ૧૫ આયંબિલ અને ૫ ઉપવાસ આવે, તેમજ ૨ **મહિના એકાસણા, ૧૦૮ પાર્શ્વનાથ તપ, વર્ધમાન તપની ૧૨ ઓળી પૂર્ણ કરી.** આ ૧ વર્ષમાં આટલા તપના પ્રભાવે તબિયત ખૂબ સારી રહેતી, સમતા પણ જોરદાર. ડાયાબીટીસ, સંધિવા, બી.પી. જેવા રોગો હોવા છતાં તપના પ્રભાવે ખૂબ રાહત છે.

કાંદિવલી (પૂર્વ)માં આવા જ એક શ્રાવિકા થોડા વર્ષો પૂર્વે મળેલાં. જેઓને સંપૂર્ણ પથારીમાં રહેવું પડે તેવી માંદગી હતી. છતાં તેમણે **૧ વર્ષમાં ૫ થી ૬ માસક્ષમણ કર્યા હતા !**

આ બંને પ્રસંગ ઈ.સ. ૨૦૦૦ની આસપાસ જાણ્યા હતા. ફરી યાદ કરાવું છું કે **તપ એ અનેક રોગોને નાશ કરનારી તોપ છે.** આજના ઘરડાઓ મોટે ભાગે હજારો રોગો વચ્ચે સપડાયેલા હોય છે. ડૉક્ટરની ૪-૫ સમયની ગોળીઓ ખાઈને પણ ઘણા હેરાન થતા હોય છે. શું થશે, મોત આવશે તો વિગેરે વિચારમાં સતત રીબાતા હોય છે. **એક વાર મોત તો આવવાનું જ છે તો પછી પ્રભુના વચનો પર શ્રદ્ધા મૂકી તપની સાધના શુ કામ ન કરવી ?**

**શાસ્ત્રકારોએ તો ઘડપણમાં અટ્ઠમ કે તેથી ઉંચા તપ કરી કાયાના મોહનો નાશ કરી આત્મસાધના કરવાનું જણાવ્યું છે.**

## ૧૩. ધર્મ છે તારણહાર

કાંદીવલીની ઉર્વી લખે છે કે **ધર્મમાં શ્રદ્ધા અને આદર હોય તો મહાન વિપત્તિનાં વાદળાં પણ વિખરાઈ જાય છે** તેની પ્રતીતિ આ પ્રસંગ કરાવે છે. મારી માસીને ત્યાં ત્રણ પુત્રીઓ પછી પુત્રનો જન્મ થયો. જન્મેલું બાળક રાજાના કુંવર જેવું દેખાવડું હતું. બાળક બે-ત્રણ મહિનાનો થયા પછી લાગ્યું કે તે બરાબર સાંભળતો નથી. જે બાજુએ તાળી વગાડીએ, ખખડાટ થાય તે તરફ તે જોતો જ નહીં.

ચિંતામાં પડી ડૉક્ટરોને બતાવવાના ચક્કર ચાલુ થયા. બે-ત્રણ બાળકોના મોટા મોટા ડૉક્ટરોને પણ બતાવ્યું. તેમણે સુચવેલ બહેરા ટેસ્ટ વગેરે ટેસ્ટ કરાવ્યા. કાંઈ નિષ્કર્ષ ન આવ્યો. બધાએ બાળક બે વર્ષનું થાય પછી ખબર પડે તેમ કહ્યું. એક ડૉક્ટરે આમાં કંઈ નહીં થઈ શકે એમ પણ કહ્યું. માસી ધર્મમાં ખૂબ શ્રદ્ધાવાળા. આયંબિલની ઓળીઓ, ચઉવિહાર, પ્રતિક્રમણ, સેવા-પૂજા વગેરે ધાર્મિક સંસ્કારથી રંગાયેલા. ધર્મમાં અતૂટ શ્રદ્ધાવાળા. ડૉક્ટરોના

જવાબથી નાસીપાસ થયા. પરંતુ ધર્મમાં શ્રદ્ધા હોવાથી મારા અશુભ કર્મોનો ઉદય લાગે છે એમ સમજી શાંત ચિત્તવાળા થયા.

ત્યાં ઉપાશ્રયમાં પૂ. આચાર્ય ભગવંત પધાર્યા. બાળકને શ્રાવક બનાવવા તેમની પાસે લઈ ગયા. ગુરૂભગવંતે વાસક્ષેપ નાંખ્યો. માસીની આંખમાં સહેજ પાણી આવ્યા, તે જોઈ કારણ પૂછતાં તેમણે બાળકની વિગત કહી. **પૂ. ભગવંતે બાળકના કાનમાં "ૐ હ્રીઁ નમો ઉવજ્ઝાયાણં" ૧૦૮ વાર ગણ્યું.** આશ્ચર્ય !! બાળક સતત તે તરફ મોં રાખી ધ્યાનપૂર્વક સાંભળવા લાગ્યો. ઘરે પણ તેને કાનમાં ૧૦૮ વાર સંભળાવવા કહ્યું. કાન પાસે મોટો અવાજ થાય તો અવાજ તરફ જોવાને બદલે પણ બીજી બાજુ જોતો બાળક આ પદ ૧૦૮ વાર સંભળાવીએ તો ધ્યાનપૂર્વક સાંભળતો. ધીરે ધીરે તે અવાજ તરફ દ્રષ્ટિ ફેરવતો થયો. વરસનો થતાં બધી જ રીતે સ્વસ્થ થઈ ગયો. તે આજે ત્રણ વરસનો છે. ૮-૧૦ સ્તુતિ, અરિહંત વંદનાવલીની બે-ત્રણ ગાથા મોઢે બોલે છે. રોજ જિનપૂજા કરે છે.

આવેલ વિપત્તિના વાદળ હટાવવાનું સામર્થ્ય ધર્મમાં છે તેનો અમને સહુને અનુભવ થયો. શ્રદ્ધા અને આદરપૂર્વક કરાયેલા ધર્મમાં પ્રચંડ શક્તિ છે તે જોઈ અમે સહુ ધર્મમાં દ્રઢ મનવાળા થયા.

## ૧૪. વિમલનાથે વિમલ કર્યા

મલાડના સૂર્યકાંતભાઈ ઝવેરી લગભગ જન્મથી પેરાલીસીસ થવાથી પ્રભુપૂજા કરી નહોતા શકતા. બલસાણા તીર્થના શ્રી વિમલનાથ દાદાનો અચિંત્ય પ્રભાવ સાંભળી જાત્રા કરવા ગયા. તીર્થમાં પ્રવેશ્યા બાદ દાદાના પ્રભાવે કોઈના પણ ટેકા વગર દાદાની પૂજા કરી ! આજે પણ ટેકો લીધા વગર ચાલે છે. પ્રભુનો જાપ રોજ કરે છે. ફરી **જાત્રાની** ખૂબ ભાવના છે.

આ જ વિમલનાથ પ્રભુનો બીજો ચમત્કાર : હિંમતનગરનો

જીજ્ઞેશ અચાનક બિમાર પડ્યો. રિપોર્ટ કરાવતા હૃદયમાં કાણું છે તેમ નિદાન થયું. **ડૉક્ટરોએ કહ્યું કે આની કોઈ ટ્રીટમેન્ટ નથી. જીવે તેટલું નસીબ.** મા બાપ ગભરાઈ ગયા. અમદાવાદ મોટી હોસ્પિટલમાં બતાવવા નીકળ્યા. હિંમતનગરથી નીકળતી વખતે ડૉક્ટરે કીધેલું કે અમદાવાદ પહોંચશે કે કેમ તે સવાલ છે. અમદાવાદના ડૉક્ટરોએ પણ તપાસ કરી હાથ ઊંચા કરી નાંખ્યા. હવે **બચવાની આશા દેખાતી નથી.**

ઘરના સહુને શ્રી વિમલનાથ પ્રભુ પર ખૂબ શ્રદ્ધા. જાપ રોજ કરતાં. મુશ્કેલીમાં પ્રભુનો જાપ વધાર્યો. જાપનું મંત્રિત પાણી જિજ્ઞેશને પીવડાવવાનું ચાલુ કર્યું. બાર મહિના સુધી રોજ આ ક્રમ ચાલુ રાખ્યો. ફરી ડૉક્ટરને બતાવવા ગયા તો કહે કે કાણું પૂરાઈ ગયું છે. હવે કોઈ તકલીફ નથી. પ્રભુ પ્રતાપે કાણું ગાયબ. શ્રદ્ધાથી પ્રાર્થના બોલો કે

**"મેરે દુઃખ કે દિનો મેં વો બડે કામ આતે હૈં"**

## ૧૫. માસક્ષમણથી રોગનાશ

પાલડી, અમદાવાદના એ વર્ષાબેનને રોજ ૨-૩ લોહીની ઉલટીઓ થાય. ઘણીવાર તો વધુ વાર પણ થાય. તપમાં બેસણું પણ કરવું ખૂબ ભારે. ચાતુર્માસ જેવી આરાધનાની મોસમમાં માસક્ષમણની ભાવના જાગી. કેવી રીતે થશે તે વિચારી ન શક્યા. પૂ. આ. શ્રી યશોવિજયસૂરિજી પ્રત્યે અપાર શ્રદ્ધા. પૂ. ગુરૂભગવંત પાસે જઈ વાત કરી. આચાર્યશ્રીએ વાસક્ષેપ નાંખી હિંમત રાખવા કહ્યું. દેવ-ગુરૂ કૃપા અંગે સમજાવ્યું. તપ આપણા શરીરની તાકાતથી ન થાય પરંતુ દેવ-ગુરૂની કૃપાથી જ થાય. ચંપા શ્રાવિકાએ છ મહિનાનો તપ દેવ-ગુરૂ કૃપાથી કર્યો તો તમે પણ શ્રદ્ધા રાખશો તો માસક્ષમણ થશે. પૂ.શ્રીની પ્રેરણાના બળથી **શ્રાવિકાએ અટ્ઠમનું પચક્ખાણ લીધુ !** ઘરના બધા આશ્ચર્ય પામી ગયા. પણ દેવગુરૂકૃપાથી ઉપવાસ તો રમતાં રમતાં થવા માંડ્યા. અને એ પણ એક પણ ઉલટી વગર.

**૨૩મા દિવસે માત્ર ૧ જ વાર ઉલટી થઈ અને રંગે ચંગે માસક્ષમણ પૂર્ણ થયું !!! પર્યુષણના પારણે પારણું થયા બાદ તો જીવનમાં આયંબિલ, ઉપવાસ કરવા રમત જેવા બની ગયા. ત્યારબાદ લોહીની ઉલટીઓ પ્રાયઃ ક્યારેય થઈ નથી. શરીરની શક્તિ કરતાં દેવ-ગુરૂની કૃપા પર શ્રદ્ધા રાખી તપ ધર્મ અવશ્ય જીવનમાં લાવજો.**

## ૧૬. મહામંત્ર છે મોટો જગમાં

મલાડની કુ. જેતલે પેપરમાં એક પ્રસંગ જણાવ્યો છે.

"મારા મામાના ગામના એક પટેલે મારી સાથે વાત શરૂ કરી. થોડાં વર્ષો પહેલાં અમારા ગામમાં એક ફકીર આવેલાં. એ બિમાર હતાં એટલે મેં એમની સેવા કરી. થોડા દિવસમાં એમને આરામ થઈ ગયો. એથી એ જવા લાગ્યા. જતાં જતાં મને એક કાગળ આપ્યો અને કહ્યું..... **"આ કાગળમાં મેં મંત્ર લખ્યો છે. એને રોજ સવાર-સાંજ શુદ્ધિ સાથે ૨૭ વાર વાંચી જજે. બહુ ચમત્કારીક મહામંત્ર છે. ગુપ્ત રાખજે. કોઈને ય બતાવતો નહિ."**

મને એ ફકીરબાબા ઉપર શ્રદ્ધા હતી. એટલે એમના કહ્યા મુજબ **રોજ મંત્રનો પાઠ કરવા લાગ્યો.** ઘણો સમય પસાર થયા બાદ મારા ઘરમાં જ એક બેનને તકલીફ આવી ગઈ. ઘણા ઉપચાર કર્યા પછી પણ રાહત ન થઈ ત્યારે મને વિચાર આવ્યો કે હું જે મંત્ર પાઠ કરૂં છું એ જરૂર સહાય કરશે. એવો વિશ્વાસ કેળવી એક ચોક્ખી શીશીમાં ચોક્ખું પાણી ભરી એની સામે ૨૭ વખત મંત્રપાઠ કર્યો ને પછી એ પાણી એ બેનને પાયું..... કે તુર્ત જ જાણે ચમત્કાર થયો હોય એમ બેનને પૂરી રાહત થઈ ગઈ ! પછી તો જ્યારે જ્યારે કોઈને તકલીફ થાય એટલે હું આ પ્રયોગ કરવા લાગ્યો અને ધારી અસર પણ થવા લાગી....

થોડા સમય પહેલાં એક બેનને પ્રસુતિની પીડા થવા લાગી. પ્રસુતિ થાય નહિ ને પીડા ખૂબ થાય. એ વખતે મેં માત્ર ૨૭ વખત જાપ કરી એ બેન ઉપર ફૂંક મારી અને બેનની તકલીફ દૂર થઈ ગઈ ! અને હવે તો પાણીનો પણ ઉપયોગ નથી કરતો. મંત્ર ગણી ફૂંક મારી દઉં છું તો પણ લોકોના કામ થઈ જાય છે.

મને વિચાર આવ્યો કે, "આ કયો મહામંત્ર હશે ? એનો શો અર્થ હશે ? એ કયા ભગવાનનો મંત્ર હશે ?" એનો જવાબ શોધતો હતો. એક દિવસ મારા ગામમાં કોઈ જૈન મહારાજ આવ્યા છે એમ જાણી એ મંત્રનો જવાબ પૂછવા ગયો. મહારાજે કહ્યું, "લાવો, બતાવો કયો મંત્ર છે એ ?" સાવ જીર્ણ શીર્ણ હાલતમાં આપેલો કાગળ મહારાજે સાચવીને લીધો, ખોલ્યો.... મંત્ર વાંચ્યો ને કાગળ પાછો આપતાં કહ્યું, "તમે જે મંત્રપાઠ કરો છો એ બરાબર છે અને એમ જ જપતાં રહેજો". અને વાસક્ષેપ કરી એ ભાઈને વિદાય કર્યા.

એ કાગળમાં બીજું કશું નહિ આપણો પરમ મંત્ર **"શ્રી નવકાર"** જ હતો. કીધું છે ને **"જોગી સમરે ભોગી સમરે."**

## ૧૭. ઉવસગ્ગહરં સ્તોત્રનો ચમત્કાર

હિંમતનગરના અનિતાબેન પેપરમાં લખે છે કે વર્ષમાં એક વાર શ્રી શત્રુંજય ગિરિરાજ અને શ્રી શંખેશ્વરજી તીર્થની એક વાર યાત્રા થાય તેવી બાધા અણસમજમાં પૂ. માતા-પિતા સાથે લીધેલ. એ વખતે તો સ્થિતિ પણ ખૂબ સારી નહીં. છતાં ઘણાં વર્ષોથી નિયમ પળાય. આ વર્ષે **પ.પૂ. હંસબોધિ** વિ. મ.સા.નું ચાતુર્માસ અમારા હિંમતનગર ગામમાં નક્કી થયું. "નિયમોમાં મક્કમતા" એ વિષય પર પ્રવચન સાંભળી મનમાં દર્દ હતું. આ વર્ષે શંખેશ્વરજી તીર્થનાં દર્શન બાકી. આથી પૂજ્ય પતિદેવને વિનંતી કરતાં, પૂ. માતા, પૂ. ભાઈ, પૂ. ભાભી સપરિવાર સાથે શંખેશ્વર તીર્થ દર્શન કરવા ગયેલ.

લગભગ ૨૦૦-૨૨૫ કિ.મી.નું અંતર હોવાથી ગાડી ચલાવવા એક ડ્રાઈવર રાખ્યો. રસ્તામાં માત્ર ધાર્મિક અંતાક્ષરી અને ભક્તામર સ્તોત્રની રમઝટ વચ્ચે રસ્તો કપાતો હતો. અચાનક અમારી ગાડી આગળની ટાટા સૂમો સાથે અથડાઈ, અમારે તો ભક્તામરની રમઝટ ચાલતી હતી. કુદરતી કોઈને ય ન વાગ્યું. પરંતુ સામેની ગાડીમાં આદિવાસીઓ અને મુસલમાનો હતા. તેથી આવીને અમારા ડ્રાઈવરની ફેંટ પકડી એમની ગાડીમાં બેસાડી ગાડી હંકારી. અમે અજાણ્યા ગામ પાસે હતાં. બધા ભયભીત થઈ ગયા. **મને સ્ફુરણા થઈ કે ઉવસગ્ગહરં સ્તોત્રનો પાઠ ચાલુ કરું અને પાઠ ૨૧ વાર પૂરો કરું, તે પહેલાં તો સામેથી ગાડી આવી.** અમારા ડ્રાઈવરને મૂકીને માત્ર ૨૦૦ રૂ. જ માંગ્યા. આપ્યા. અમે સૌ પાર્શ્વનાથ દાદાનો મહિમા જાણી આશ્ચર્યમુગ્ધ થઈ ગયાં. સ્તોત્રનો નામ જેવો જ (અર્થાત્ ઉપસર્ગ દૂર કરનાર) પ્રભાવ અનુભવી આનંદિત થઈ ગયા. સામેની ગાડીને નુકશાની જોઈ લાગતું હતું કે આ તો રીપેરીંગ કરાવીને જ છોડશે. દાદાની પૂજા ચૂકી જઈશું. પરંતુ પૂરેપૂરી શ્રદ્ધા અને આસ્થાથી પ્રભુને યાદ કરતાં સમયસર પહોંચ્યા. પૂજા થઈ. કલિકાલમાં પણ હાજરાહજુર છે, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ !

**શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વનાથ ભગવાનને ઘરમાં મૂળનાયક પરમાત્મા તરીકે બિરાજમાન કરેલ છે. ઘરનું પગથિયું ઉતરવું હોય તો પહેલાં દાદાના દર્શન, પ્રણામ કરીને જ જવાનો અમારો આખા કુટુંબનો નિયમ કાયમી થઈ પડ્યો છે.**

## ૧૮. લેવા જેવું સંયમ

પંકજ સોસાયટી જૈન સંઘમાં **આ.ભ. ચંદ્રગુપ્તસૂરિજી** પધાર્યા. તેમની દીક્ષાને ૫૦ વર્ષ પૂર્ણ થતાં હોવાથી, તેની ઉજવણી કરવાનું નક્કી થયું. તે નિમિત્તે પંકજ સંઘના પ્રમુખ ભરતભાઈ માણસાવાળાના ઘરે પૂ. આચાર્ય ભગવંતના પગલાં કરાવ્યા. આ. ભગવંત કહે કે ગુરૂના પગલાં

થયા તો તમે ગુરૂ (સાધુ) ન બનો ત્યાં સુધી એક વસ્તુનો ત્યાગ કરો. ભરતભાઈ કહે, **"ગુરૂદેવ ! આપ જે કહો તે ત્યાગ."** પૂ. આચાર્યશ્રી કહે, **"જ્યાં સુધી દીક્ષા ન લેવાય ત્યાં સુધી રોટલી બંધ."** સામાન્યથી મીઠાઈ, મેવા, ફ્રુટ બંધ કરીએ તો અઠવાડિયામાં ક્યારેક જ ખાવાનું થાય, જ્યારે રોટલી તો રોજ ખાવાની વસ્તુ છે. રોજ સંયમ યાદ આવે માટે રોટલી કીધી. પૂ. શ્રી કહે, "પાળશો ને ?" ભરતભાઈ કહે કે પૂ. શ્રી ! આપે નિયમ આપ્યો, તો પાળવાની **શક્તિ** પણ આપે જ આપવાની છે. આજે પણ આ નિયમ પાળી રહ્યા છે. સવાર-સાંજ બેસણું કરતાં થઈ ગયા, જેથી બપોરની રોટલીની મુશ્કેલી પણ નહિ અને નિયમ સારી રીતે પળાય.

આજના ભોગવિલાસી વાતાવરણમાં અનેક ભણેલાગણેલા, બુધ્ધિશાળીઓએ દીક્ષા લીધી છે, લઈ રહ્યા છે. મોક્ષમાં જવા માટે આ સિવાય બીજો કોઈ માર્ગ જ નથી. પાપના ઉદયે આપણે કદાચ સંયમ લઈ ન શકીએ તે બને પણ **"છોડવા જેવો સંસાર"**, **"લેવા જેવું સંયમ"**, **"મેળવવા જેવો મોક્ષ"** આટલી માન્યતા, શ્રદ્ધા તો અવશ્ય ઉભી કરવી જોઈએ. પ્રભુને પ્રાર્થના કરીએ કે અમને પણ જલદીથી સંયમ આપજે.

## ૧૯. ધર્મ દૃઢતા

ભાયંદર બાવન જિનાલયના આયંબિલ ખાતે વહોરવા જવાનું થયું. મેં આયંબિલ કરવા બેઠેલાઓને જણાવ્યું, "પાણી ઘરમાંથી લાવ્યા હોય તેમને લાભ લેવો હોય તો બધા થોડું થોડું વહોરાવી શકશો." ઘણા વહોરાવવા આવ્યા. એક શ્રાવિકાબેન વહોરાવી ગયા. એમની જગ્યાએ જઈ બેઠા. મને પૂછ્યું કે મહારાજજી એક ભૂલ થઈ ગઈ. આયંબિલ કરવા હું બેઠી અને માત્ર પાકા મીઠાથી દાંત ઘસી ૨-૩ કોગળા કર્યા હતા. પછી અનુપયોગથી આયંબિલ ચાલુ કર્યું છે તેવું ભૂલી આપને પાણી વહોરાવવા ઉભી થઈ. હવે

ઉભા થયા પછી પાછી બેસી તો ગઈ પણ હવે આયંબિલનું વપરાય કે ઉભા થઈ ગયા પછી આયંબિલ પૂરૂ થઈ ગયું ગણાય ? શું કરવું ?

મેં કીધું કે શક્તિ હોય, ન વાપરો તો સારૂં. અનુપયોગથી થયું છે એટલે પાછા બેસી વાપરશો તો સામાન્ય પ્રાયશ્ચિત આવે. આમ પણ ગુરૂની ભક્તિ માટે ઉભા થયા છો માટે મોટો દોષ નથી.

પરંતુ શ્રાવિકાબેન મક્કમ હતા. ના મારી ભૂલથી ભલે થયું પરંતુ હવે મારે નથી વાપરવું એમ વિચારી આયંબિલ કર્યા વગર જતા હતા.

મેં કીધું, "પણ આયંબિલને બદલે ઉપવાસ થઈ જશે. પછી અશક્તિ લાગે, તકલીફ થાય તો ?" મને કહે કે ના, મારે હવે નથી વાપરવું એમ કહી વાપર્યા વગર નીકળી ગયા. ધન્ય છે ધર્મદૃઢતાને.

આપણે છેલ્લે એટલું તો નક્કી કરીએ કે ઘરમાં ૧-૨ વસ્તુ ઓછી ખાવાની મળે કે મોળી કે વધારે પડતી તીખી મળશે તો ચલાવી લેશું, પણ કોઈની સાથે ઝઘડો તો નહિ જ કરીએ. **શરીરને ભાડુ જોઈએ છે, જીભને ચટકા જોઈએ. જીભ નહિ સચવાય તો ચાલશે, શરીર ચાલે તે ઘણું છે.**

## ૨૦. નવપદની ઓળીનો પ્રભાવ

પૂનામાં રહેતા હેમાબેનને ધર્મ ઉપર અડગ શ્રદ્ધા. ભગવાને દીકરો તો આપ્યો પણ એને બોલતા આવડતું ન હતું. છોકરો મોટો થયો. ઘણી બાધા રાખી પણ બોલતો ન થયો. ધર્મમાં બહુ જ અડગ હોવાથી તેમને બાધા રાખી કે હે નવપદજી દાદા ! **મારા આ લાલને બોલતાં આવડે તો હું એક ઓળી કરીશ અને બાબાને અઠવાડિયામાં તો બોલતાં આવડી ગયું.** મમ્મી તો ગાંડી ગાંડી થઈ ગઈ. મનમાં વિચારવા લાગી કે આ નવપદજીનો મહિમા અપરંપાર છે. શ્રદ્ધા રાખીએ તો અવશ્ય ફળ મળે જ છે.

## ૨૧. મૃત્યુ મરી ગયું રે લોલ

ઈ.સ. ૨૦૦૦ની આસપાસની આ વાત છે.

મુંબઈ **પારલા**માં રહેનારા સરસ્વતી બહેન જે પ્રભુ ભક્તિમાં ખૂબ માનતાં ને યથાશક્તિ ધર્મધ્યાન કરતાં. જેમ કે દહેરાસર જવું, ઉપાશ્રય જવું, પ્રભુની રોજ પૂજા, ગુરૂવંદન, નવકારશી, ચોવિહાર, કંદમૂળનો ત્યાગ, પાંચ તિથિ પ્રતિક્રમણ અને રોજનું એક સામાયિક આદિ તે કરતાં અને સમતા એવી કે ક્રોધ તો જરાય ન કરતાં.

એક દિવસ એમને અચાનક જ લોહીની ઉલટી થઈ. એટલે ડૉક્ટરને બોલાવ્યા ને હોસ્પિટલ લઈ ગયા. ખબર પડી તેમને બ્લડ કેન્સર છે અને એ પણ લાસ્ટ સ્ટેજનું. ડૉક્ટરે જવાબ આપી દીધો કે ઘરે લઈ જવા હોય તો લઈ જાવ. બે દિવસ માંડ કાઢશે. એમને તો લોહીની ઉલટીઓ ઉપરા ઉપરી થવા જ લાગી. પણ એમણે જીદ કરવાને કારણે એમને ઘરે લઈ આવ્યાં. આવી ગંભીર હાલતમાં ઘરે આવતાં રસ્તામાં આ શ્રાવિકાએ વિચારી લીધું કે **મારે તો હવે મરવાનું જ છે તો હું મારા જ હાથે ધર્મક્ષેત્રમાં રૂપિયા વાપરીને કેમ ન જઉં ?** આમ વિચારી નક્કી કર્યું અને છોકરાઓને કહ્યું કે આવતીકાલે આપણે ત્યાં દહેરાસરમાં વેદનીય કર્મની પૂજા ભણાવવાની છે. માટે બધા જ કુટુંબીજનોને ફોન કરી નિમંત્રણ આપી દો. અને બધા જ કુટુંબીજનોને બોલાવ્યાં. બધા જ આવ્યા, પૂજા ભણાવી અને ઉલટીઓ વધારે થતી હોવાને કારણે સરસ્વતીબેનને **શાંતિકળશ** પતવા આવ્યો ત્યારે લાવ્યાં અને તેમને હાથે પણ કરાવ્યો. દર્શન કરાવી ઘરે લઈ ગયા. બધાને જમાડ્યા અને પછી જીવદયાની ટીપ કરી. તેમણે પોતાના તરફથી ૫૦૦૧ લખાવ્યાં ને બાકી બધાના લખતાં કુલ રૂા. ૩૦ હજાર જમા થયા અને આ બધી રકમ એમના હાથે જીવદયા ખાતે મૂકી પછી **પોતે ખાવા-પીવાનો ત્યાગ કર્યો અને બધાને બે હાથ જોડી માંથુ નમાવી મિચ્છામી દુક્કડં દીધા અને**

**આખા પરિવારને પણ મિચ્છામિ દુક્કડં દીધા અને હવે મૌન લઉં છું એમ કહી અનશન લઈ લીધું !**

આટલી લોહીની ઉલટીઓ થતી, છાતીમાં બળતરા થતી અને સહન ન થાય તેવી ભયંકર વેદનામાં પણ સહનશીલતા રાખી તેમણે પૂજા ભણાવી, દાન કર્યું. ધન્ય છે સરસ્વતીબેનને કે આવી બીમારીમાં પણ ધરમ કરવાનું મન થયું અને પોતાના હાથે ધરમમાં પૈસા વાપરી અને પાંચમા જ દિવસે **સમાધિમરણ**ને પામ્યાં.

**આ શ્રાવિકાએ જે રીતે સમાધિ રાખી તેથી લાગે કે મૃત્યુ પણ એક મહોત્સવ બની ગયું. આપણે પણ અંત સમયે ગભરાયા વગર ઉત્તમ સત્કાર્યો, સાત ક્ષેત્રમાં દાન વિગેરે આરાધના કરીએ.**

## ૨૨. ધર્મ વસ્યો હૃદયમાં

જલગાંવમાં ઉત્તમ શ્રાવિકાનું નામ ધાપુબેન કસ્તુરચંદ રાકા હતું. એક ઉચ્ચ કુળ અને સંસ્કારી કુટુંબમાં જન્મ થયો. કુટુંબ ખૂબ ધર્મિષ્ઠ. તેમના ભાઈએ **પૂ. ભુવનસૂરીશ્વરજી** મ.સા. પાસે દીક્ષા લીધી હતી. તેમના કુટુંબમાં ભાઈ-ભત્રીજા અને ભત્રીજી વિગેરે લગભગ ૧૩ દીક્ષા થઈ છે. મોટા થયા પછી લગ્ન એક ઉચ્ચ કુટુંબમાં થયાં. પણ સ્થાનકવાસીમાં એટલે તેમને તો દર્શન કરવા પણ મુશ્કેલ હતાં. તેમના દિયર તેમને બહુ હેરાન કરતાં પણ તે તો એટલા મક્કમ રહ્યા કે તેમણે મંદિર માર્ગીનું બધું જ ચાલુ જ રાખ્યું. મુશ્કેલીમાં પણ ધીરે ધીરે પોતાના પતિને સમજાવીને મંદિરમાર્ગી બનાવ્યા. તેમજ તેમના પુત્રોને પણ મંદિર માર્ગી બનાવ્યા અને દીકરા જુદા થયા પછી દરેકને ત્યાં ઘર દેરાસર પણ કરાવ્યા.

ખરી ખૂબી તો એ છે કે ગમે તે ગચ્છના સાધુ-સાધ્વીજી મ.સા. હોય તો ભેદ રાખ્યા વિના એક જ સરખી સેવા-ભક્તિ કરે.

બધા જ તેમને ઓળખે. સાધુ-સાધ્વીજી ભગવંતોને જોઈને તેમને જે આનંદ થાય તે અવર્ણનીય છે. દરેકને ધર્મ માર્ગે કેમ જોડવા એ જ એમના જીવનની તમન્ના-ભાવના.

**દોમ દોમ સાહ્યબી હોવા છતાં અભિમાન નહીં. અટ્ઠમ-ઉપવાસાદિ ગમે તે તપ હોય પણ પારણે એકાસણું જ કરવાનું, લગભગ ૩૦ વર્ષથી એકાસણા ચાલુ જ હતા. તપમાં માસક્ષમણ, અષ્ટાપદ તપ, શ્રેણીતપ, સિધ્ધિતપ, વર્ધમાન તપની પપ ઓળી કરી હતી.** જીવ્યા ત્યાં સુધી નવપદજીની ઓળીઓ તો મૂકી જ નથી. છેલ્લે ઉંમર લગભગ ૯૫ વર્ષની હતી. છેલ્લાં પાંચ વર્ષથી આંખે દેખાતું બંધ, કાને સંભળાતું બંધ, પગે ચલાતું બંધ, પણ બંને ટાઈમ ઉપાશ્રયમાં આવીને જ સામાયિક-પ્રતિક્રમણ કરે. રોજના આઠ-દશ સામાયિક કરે. શિયાળો હોય કે ઉનાળો, તો પણ એકાસણામાં પુરિમઢ્ઢ જ પચ્ચક્ખાણ, બે ઘડી પહેલાં ચૌવિહાર, લગભગ ૨૫ વર્ષથી પણ ઉપાશ્રયમાં જ સુવે. મચ્છર કરડે તો પણ સહન કરે. દીક્ષા લેવાની ખૂબ જ ભાવના. પણ આંખે દેખાય નહિ તેથી લઈ શક્યા નહિ. પોતાને ત્યાં દેરાસર છતાં સંઘના દેરાસરે રોજ પૂજા કરવા આવે. સુપાત્રદાન ન આપે ત્યાં સુધી મોમાં પાણી ન નાંખે. ગળપણ-ફ્રૂટમાં અમુક જ બે વસ્તુની છૂટ રાખેલી. બાર તિથી **લીલોતરી બંધ, ફ્રૂટ જેવું પણ નહીં ખાવાનું, દીક્ષા લેનારને સહાય કરે.** પોતાના ખર્ચે શીખરજી જાત્રા કરાવે. કેટલાંકને ચોમાસામાં નવ્વાણું કરાવે. સાધર્મિકને જોઈને તો ખૂબ જ રાજી થાય. પોતાના ઘરે લઈ જાય. પોતે સામે બેસીને જમાડે. જતી વખતે ચાંલ્લો કરીને બહુમાન પણ કરે. ઉપાશ્રય અને આયંબિલ ખાતું સંભાળે. ભૂલ થઈ હોય તો પૈસા પોતે ભરી દે. પૂ. સાધુ-સાધ્વીજી મ.સા. હોય તો ગુરૂવંદન કર્યા વિના ન રહે. **બહારગામ ગયા હોય ત્યાં પણ જ્યાં સુધી પૂજા ન કરે ત્યાં સુધી**

**પાણી મોમાં ન નાંખે.** બહારગામથી આવે ને ચાર-પાંચ વાગે તો પણ પૂજા કરીને જ પચ્ચક્ખાણ પારે. સામાયિક પ્રતિક્રમણ કર્યા વિના ક્યારેય રહ્યા નથી. જે કોઈ ધર્મ કરે તેની ખૂબ અનુમોદના કરે. છેલ્લે દિવસે પણ પૂજા કરી. બિઆસણાનું પચ્ચક્ખાણ પૂ. સાધ્વીજીના મુખે કર્યું. પૂ. ગુરૂ મ.સા. ને વંદન કર્યું. શરીરની વેદના ખૂબ સમતાથી સહન કરી. છેલ્લે કંઈ જ થયું નહીં. બધા વાતો કરતાં હતાં અને એકદમ જ ચાલ્યા ગયા. આ વાતને આજે ૭-૮ વર્ષ વીતી ગયા. **ધન્ય આરાધક ભાવ, ધન્ય તેમની સમાધિને.**

## ૨૩. હક્નું છોડે તે રામ

વિ.સં. ૨૦૬૪. આશરે ૧ મહિનો નવરંગપુરા રોકાવાનું થયું. એક દિવસ સવારે ૯ વાગ્યાની આસપાસ એક શ્રાવિકાબેન આવ્યા. વંદન કર્યા અને પ્રશ્ન પૂછ્યો, "મહારાજજી ! કોઈએ પહેરેલા આભૂષણ પ્રભુજીને ચડાવાય કે નહિ ?"

મેં કહ્યું, "સામાન્યથી ફૂલ વિ. વસ્તુઓ આપણે ઉપભોગમાં લીધા પછી પ્રભુજીને ચડાવાતી નથી. કેમકે નિર્માલ્ય કહેવાય, જ્યારે ગળાનો હાર વિ. સોના-ચાંદી જેવી ઉત્તમ વસ્તુઓ પ્રભુજીને ચડાવવામાં વાંધો નથી. માત્ર જરૂરી શુદ્ધિ કરાવી પછી પ્રભુજીને અર્પણ કરી શકાય."

શ્રાવિકા બહેન કહે કે, અમારી પાસે બે હાર છે તેમાંથી એક હાર ભગવાનનગરના ટેકરે શ્રી સંભવનાથ પ્રભુની ચલ પ્રતિષ્ઠા વખતે ચડાવવાની ભાવના થઈ. શ્રાવકને વાત કરી. તેમણે હા પાડી, પરંતુ જોડે "આપણો પહેરેલો હાર પ્રભુને ચડાવાય કે નહિ ?" તે શંકા થઈ, એટલે આપને પૂછવા આવી. સમાધાન મળી ગયું.

પણ આ શ્રાવિકાના પ્રશ્નથી મને એક પ્રશ્ન ઊઠ્યો, જે મેં શ્રાવિકાબેનને પૂછ્યો કે તમને ભગવાનને હાર ચડાવવાનું મન કેમ થયું ?

શ્રાવિકાબેને જવાબ આપ્યો, "આજથી થોડા વર્ષો પૂર્વે મારા

સાસુ જીવતા હતા, માંદા હતા ત્યારે મેં તેમની સેવા કરી. એ દિવસોમાં એમણે મને સામેથી જે વસ્તુ આપી તે મેં રાખી. પછીથી તેમને લકવો થયો. તેમના ગયા બાદ તેમની પાસે બે હાર પડ્યા રહ્યા હતા, પરંતુ તેમણે જાતે મને તે હાર આપ્યા નહોતા. **મારી એક જ ભાવના કે એમણે મને નથી આપ્યું તો મારે શું કામ લેવું ?** આ બે હાર ઘણા સમયથી એમ જ પડ્યા હતા. **મારે મનમાં નક્કી હતું કે મારે વાપરવા નથી.** પ્રતિષ્ઠા સાંભળી થયું કે પડી રહે તેના કરતાં પ્રભુની શોભા વધારે તો શું ખોટું ? એટલે હમણાં હાર ચડાવવાની ભાવના થઈ.''

કલિયુગમાં પણ આવા સજ્જન આત્માઓ છે. એક બાજુ ઢગલાબંધ જીવો અણહકની લડાઈઓ માંડી બેઠા છે ત્યારે હકની વસ્તુ જતી કરવાની ભાવનાવાળી શ્રાવિકા એક ઉત્તમ દૃષ્ટાંત રૂપ છે.

શાસ્ત્રોમાં કહ્યું છે કે, **''પર ધન પથ્થર સમાન''** અરે, મા-બાપના પૈસા કે સંપત્તિ પર પણ આપણો હક નથી લાગતો. તેમને જે કરવું હોય તે કરી શકે. માલિક તે છે. બત્રીસી જેવા ગ્રંથોમાં કીધું છે કે માતા-પિતાનું ધન, ઘરેણાં એ બધું ધર્મના સાત ક્ષેત્રમાં દાન કરી દેવું જોઈએ પણ આપણે ન વાપરવું. જો જાતે વાપરીએ તો માતા-પિતાના મૃત્યુની અનુમતિ લાગે.

ઉત્તમ પુરૂષો હંમેશા આપકમાઈ પર જીવ્યા છે, નહિ કે બાપકમાઈ પર. અનિલ અંબાણી અને મુકેશ અંબાણીની જેમ હકની લડાઈ માંડી ક્લેશ કરવાને બદલે હકનું છોડી રામ બનવા આપણે સર્જાયા છીએ. ઓછું મળશે તો ચાલશે પણ અનીતિનું કે મફતિયું નથી લેવું એવો દૃઢ સંકલ્પ કરજો.

## ૨૪. ટ્રસ્ટીની ઉત્તમ સંઘભક્તિ

પાલડી વિસ્તારના એક ઉપાશ્રયના માટે પૈસા બોલનારા ફરી જતા, ટ્રસ્ટીએ પોતાનો બંગલો ગીરવે મૂકીને લાખો રૂપિયા લોન રૂપે આપી જગ્યા લેવડાવી દીધી. પાછળથી સંઘમાં રૂપિયા ભેગા થઈ જતાં બંગલો પાછો મળી ગયો. લોકોની કહેવત છે કે, ‘‘ઘર બાળી તીરથ ન કરાય !’’ પરંતુ આવા ઉત્તમ ટ્રસ્ટીઓને ખૂબ ખૂબ ધન્યવાદ, જેમના હૃદયમાં દેવ-ગુરૂ-ધર્મારાધના ખૂબ વસેલી છે.

## ૨૫. ધન્ય છે શ્રી કૃષ્ણનગરને

વિ.સ. ૨૦૬૩નું ચોમાસું થયું શ્રી કૃષ્ણનગર જૈન સંઘ, નરોડામાં. લોકોના ઉત્તમ આરાધનાના ભાવ જોઈ હૈયું નમી પડ્યું. પાર્શ્વ પ્રભુના ૬૨૦ અઠ્ઠમ, અનેક તપસ્યાઓ, યુવા-બાળ શિબિરો, ભાવ યાત્રાઓ વિ. અનેક આરાધના શ્રી મુનિસુવ્રતસ્વામી દાદાની કૃપાથી થઈ. જેમાં એક આરાધના હતી **સંયમ ઉપકરણ વંદનાવલી.**

સંયમના એક-એક ઉપકરણને ગુરૂ ભગવંત સમજાવે અને ચડાવો લેનાર ભાગ્યશાળીઓ સંઘને તે ઉપકરણના દર્શન કરાવે. જેમાં ચડાવાના ભાગ્યશાળીઓ નીચે મુજબ હતા.

(૧) રજોહરણના દર્શન માટે **‘‘કેટલાં વર્ષ સુધી ટી.વી., વીડીયો, મેગેઝીનો અને છાપા બંધ’’** એ ચડાવો બોલાતા ૧...૨...૫... વર્ષ એમ આગળ વધતા જાવજ્જીવ માટે આ ચાર વસ્તુ બંધ કરનારા **એક સાથે સાત ભાગ્યશાળીઓએ લાભ લીધો** જેમાં ૪૦-૪૫ની ઉંમરવાળા શ્રાવિકા પણ હતા.

(૨) પાત્રા પૂંજણીના દર્શન માટે દિવસમાં જેટલી વાર ગેસ-ચૂલો ચાલુ કરો ત્યારે પૂંજવાનું, કેટલો સમય ? એ ચડાવો બોલતાં જીંદગીભર માટે ચડાવો બોલનારા **પાંચ ભાગ્યશાળી હતા.** જેમાંથી એક તો ૪૫-૫૦ વર્ષના શ્રાવક પણ હતા.

(૩) મુહપત્તિ માટે "પંખો બંધ કેટલા વર્ષ"માં જીંદગીભર માટે એક શ્રાવિકાબેને પંખો છોડ્યો હતો.

આ જ રીતે સંથારા માટે **અજૈન શ્રાવક-શ્રાવિકા સાથે ૧ વર્ષનું ૪થું વ્રત,** પાત્રા માટે સંપૂર્ણ દિવસના વધુમાં વધુ ૧૫ દ્રવ્યો વાપરવા વિ. અનેક ચડાવા ઉચ્ચ આરાધનાઓમાં ગયા હતાં.

વર્તમાનકાળે અનેક સંઘોમાં અનેક ગુરૂભગવંતોની નિશ્રામાં ઉપકરણ વંદનાવલીના પ્રોગ્રામમાં આવા અનેક પુણ્યાત્માઓ ઉચ્ચ ભાવના સાથે આવા નિયમો લઈ ચડાવા બોલે છે. ધન્ય આરાધક ભાવ !

## ૨૬. જિનવાણીમાં અખૂટ શ્રદ્ધા

એ જ શ્રી **કૃષ્ણનગર** જૈન સંઘના પ્રમુખ **બીપીનભાઈ**. ૧૦ વર્ષ પૂર્વે **કેમીકલના ધંધામાં** નોકરી કરતા હતા. પુણ્ય અને બુદ્ધિના પ્રભાવે પૈસા ખૂબ મળતા. શેઠ પણ ખૂબ માન આપતા. એક વાર જિનવાણી સાંભળતા **કર્માદાનના ધંધા કે જેમાં ખૂબ હિંસા થાય તે જૈન શ્રાવક ન કરે તે વાત સાંભળી વિચારમાં પડ્યાં. ભલે પૈસા ઘણા મળતાં હોય પણ પાપ ખૂબ બંધાય છે તેથી મારે આ ધંધામાં નથી રહેવું તેવો નિશ્ચય કર્યો.**

શેઠે ઘણું સમજાવ્યું. લાખ્ખો રૂ. આપવાની ઓફર આપી. અરે, નવી જ અપટુડેટ ગાડી ફરવા માટે આપી. પણ બીપીનભાઈને જિનવચનમાં જોરદાર શ્રદ્ધા, લાખો રૂ. છોડ્યા, ગાડી છોડી અને ધંધો બદલ્યો. **જુઓ હવે શ્રદ્ધાના ચમત્કારો.**

(૧) દાદાના પ્રભાવે તુરંત જ ઘાટલોડિયામાં એક જણની સાડીની ચાલુ દુકાન વેચાતી મળી ગઈ. મૂળ માલિકે બધી વ્યવસ્થા સામેથી કરી આપી.

(૨) આજુબાજુની ઘણી દુકાનોવાળા ખૂબ મહેનત કરવા છતાં જે કમાય તેના કરતાં ઓછી મહેનતમાં બીપીનભાઈ ખૂબ કમાય

છે. ચોવિહારનું ટીફીન જોડે હોવા છતાં ઘરાકીમાં સમય ન મળવાથી પાણી પીને ચોવિહાર કરે ને ટીફીન પડ્યું રહે. દિવાળી જેવા દિવસોમાં તો ઘરાકો રાત્રે મોડા સુધી **પણ દુકાન બંધ કરવા દેતાં નથી. ત્યારે પણ ઘરાકોનો માલ લેવાનો ચાલુ હોય.** છેવટે આવતીકાલે આવવાની વિનંતી કરે ત્યારે માંડ રાત્રે મોડા દુકાન બંધ થાય. પરમાત્માની આજ્ઞા પરની ગાઢ શ્રદ્ધા શું કામ કરે છે ? લોકોની દુકાન બપોરે ૧૨ વાગે કે ૨ વાગે પણ ન ચાલે પણ આમની રાત્રે પણ ચાલે છે.

(૩) **મૂળનાયક પ્રભુ શ્રી મુનિસુવ્રતસ્વામી** પર દ્રઢ શ્રદ્ધા એમના જીવનમાં જોઈ છે. દાદાને જોઈને આંખોમાંથી અશ્રુનો શુભ સ્રોત વહે. ખૂબ ખુશ થાય. એક વાર તો રોડ પર હજારો રૂપિયાનું પાકીટ રહી જવા છતાં દાદાની કૃપાથી ૩-૪ કલાકે તપાસ કરતાં પાછું મળી આવ્યું. એક વાર ૩૫-૪૦ હજારનું પાકીટ ભરચક રોડ પર આખી રાત રહી ગયું ને બીજે દિવસે તપાસ કરતાં પાછું મળ્યું !

(૪) અન્ડરબ્રિજમાં બાઈક સાથે ૫-૬ ફૂટ ફેંકાયા. પણ પ્રભુના પ્રભાવે કાંઈ થયું નહિ. કપડાં ખંખેરી ઉભા થઈ ગયા. એક વાર જે સ્થળે પડવાને લીધે ૨-૩ જણને ફ્રેક્ચર થયા હતા ત્યાં પડવા છતાં તેમને કાંઈ ન થયું.

(૫) પ્રમુખ પદે આવ્યા બાદ પદની મહત્તા જાળવવા માટે ચોવિહાર કાયમી ચાલુ કર્યો કેમકે **ટ્રસ્ટીઓ તો છેવટે રાત્રિભોજન ન જ કરતાં હોવા જોઈએ એમ શાસ્ત્રો કહે છે.**

સંઘની ભક્તિ પણ ખૂબ કરે. **સરળતા એવી કે સંઘની જાહેરાતોના બોર્ડ પણ જાતે લખે.** દેવ-ગુરૂ-સંઘના કોઈ કામમાં નાનમ નહિ. રોજ સામાયિક-જિનવાણીશ્રવણ કરે. સંઘના કોઈપણ ફંડમાં પોતાનો ફાળો અવશ્ય હોય. **ચોમાસા બાદ પણ છ મહિનામાં આશરે ૨૦-૨૫ વાર મળવા, વંદન કરવા આવ્યા હશે.**

આજના કાળમાં આવા ટ્રસ્ટીઓની દરેક સંઘમાં ખૂબ જરૂર છે, જેના પ્રભાવે જિનશાસનનો અવશ્ય જયજયકાર થઈ જાય.

## ૨૭. મીની શ્રાવકની ભવ્ય આરાધના

કાંદિવલીનો જેસલ ઉંમર ૨૩ વર્ષની આસપાસ. આશરે ૫-૬ વર્ષ પૂર્વે ચોમાસું સ્થિત ગુરૂભગવંતને વંદન કરવા આવ્યો અને ગુરૂભગવંતે નવકારનો મહિમા બતાવ્યો કે **જે ૯ લાખ નવકાર જપે તેને આવતા ભવે નરકમાં ન જવું પડે.** શ્રદ્ધા સાથે નવકાર ગણવાના ચાલુ કર્યા. લોકોની પંચાતમાં કોઈ રસ નહિ. પોતે ભલો પોતાનું કામ ભલું. ગણવાનું કાઉન્ટર રાખે. **સમય મળતાં જ કાઉન્ટરનું ટક ટક ચાલુ થઈ જાય. દિવસના ૧૦૦૦-૧૫૦૦ નવકાર ગણે. આજે પાંચ વર્ષમાં તેણે ૨૨ લાખ નવકાર (!) ગણ્યા છે.**

પછી મુઠ્ઠિસહિંય પચ્ચક્ખાણની મહત્તા જાણી. જ્યારે ખાવું હોય ત્યારે મુઠ્ઠી વાળી ૩ નવકાર ગણી ખાઈ શકાય. ખાવાનું પુરૂં થાય એટલે ધારણા કરી લેવાની. શાસ્ત્ર કહે છે કે રોજ ચઉવિહાર કરનારને ૧ મહિનામાં ૧૫ ઉપવાસનો લાભ મળે અને એમાં પણ **મુઠ્ઠિસહિયં પચ્ચક્ખાણ કરનારને તો ૨૭ ઉપવાસનો લાભ મળે.** બસ, મુઠ્ઠિસહિયં ના પચ્ચક્ખાણ કરતો થયો. **ધીરે ધીરે ૧૪ નિયમ, બાર વ્રત વિગેરે અનેક આરાધનાઓ યથાશક્તિ કરવા માંડ્યો.**

ઈ.સ. ૨૦૦૬ની સાલમાં મળ્યો ત્યારે મને એણે કીધેલા શબ્દો, **"મ.સા. ! અત્યાર સુધીની આરાધનાના પ્રભાવે આવતા ભવે મારી સદ્ગતિ થવાની છે એ હું ગેરંટી આપી શકું છું !!!" શું શ્રદ્ધા સાથેની આરાધના કરી હશે કે આવતા ભવની ગેરંટી આપી શકે છે.** ચાલો, આપણે પણ ભવોભવ સુધારવા હોય તો ૯ લાખ નવકાર, ૧૪ નિયમ, મુઠ્ઠિસહિયં પચ્ચક્ખાણ, બાર વ્રત વિગેરે આરાધનામાં લાગી જઈએ અને અંતે સંયમ મેળવી શિવગતિ પામીએ, એ જ શુભેચ્છા.

## ૨૮. શ્રાવક હોય તો આવા

ઉંઝા ગામમાં એક રસિકભાઈ કરીને જૈન શ્રાવક મોટા પરિવાર સાથે રહેતાં હતાં. પહેલાં તેમની પાસે પૈસા નહોતા. પણ ધર્મ ખૂબ જ કરતાં અને સંઘનું કામ ખડે પગે રહીને કરતાં. ધર્મ પ્રભાવે તેમની પાસે પૈસો ખૂબ જ થયો.

**આયંબિલની ઓળી, પૌષધ, આરાધના ઘણી કરતાં હતાં અને સંઘો પણ ઘણા કાઢ્યા હતા.** વેપારમાં આગળ પડતા હતાં. ૬૫ વર્ષની ઉંમરે આ બધું છોડી ઉપાશ્રયમાં સામાયિક, પૌષધ અને પ્રતિક્રમણમાં રહેતાં હતાં. અને પાલિતાણામાં પૈસા પણ બહુ જ વાપરતાં હતા. એમની ધર્મપત્ની બહુ જ ધર્મિષ્ઠ હતી. એમની ધર્મ આરાધનાથી એમનો પરિવાર સુખી થયો.

એક વાર ઉપાશ્રયમાં સામાયિક કરતા હતાં. તેમની પેઢીમાં ચોરી થઈ છે, એવા સમાચાર સામાયિકમાં મળ્યા. **છતાં પણ સામાયિક છોડીને પેઢીમાં ન ગયા અને સામાયિકમાં દૃઢ રહ્યા. એમના ધર્મના પ્રતાપે ચોર પકડાઈ ગયો !**

નિયમ પ્રમાણે **લાખ રૂપિયા પોતાની પાસે રાખીને બીજા બધા પૈસા ધર્મ માર્ગે વાપરતાં !** કપડાં પણ અમુક જોડી રાખતાં. પોતે ઘર દેરાસર બનાવ્યું હતું.

## ૨૯. અજૈનની ગુરુભક્તિ

થાણાથી ડોંબિવલી આશરે ૧૮ કિ.મી. નો વિહાર. વચ્ચે આશરે ૯ કિ.મી. એ રાત્રિરોકાણ માટે એક નાના ગામના મંદિરની ઉપરની સ્કૂલમાં મહાત્માઓ ઉતરતા. નાની સરખી જગ્યા. ઊંચી નીચી જમીન. જો કે વિહારમાં આવું બને એમાં કાંઈ નવાઈ નહિ.

એક વાર અનેક સાધુ સાથે આચાર્ય ભગવંત પધારવાના હતા. કાર્યકર્તા સ્થાનની તપાસ માટે નીકળ્યા. તે ગામ પાસે બધા અજૈન રહે. પૂછતા કોઈકે કહ્યું કે પેલા પાટીલના બંગલે પૂછો. આખા વિસ્તારમાં પ્રસિદ્ધ અને બહુ શ્રીમંત. આગ્રી જાતિનો આ માણસ.

પાટીલને મળી વાત કરી.

શ્રાવકોએ જણાવ્યું કે **અમારા જૈન સંતો ખુલ્લા પગે જ જાય, ક્યાંય પણ જવું હોય તો ચાલતા જ જાય, લાઈટ ન વાપરે, પૈસા ન રાખે, સ્ત્રીને અડે પણ નહિ.** આવા સંતોને એક રાત માત્ર ઉતારવાના છે. સવારે ચાલ્યા જશે. **નહિ જોઈએ તેમને પથારી કે નહિ જોઈએ પંખો. પાણી પણ તમારૂં નહિ પીએ.** આ સાંભળી જૈન સંત પ્રત્યે આદર પેદા થવાથી પાટીલે પોતાના બંગલાનો ઉપરનો માળ ખાલી હતો તેમાં રોકાવવાની હા પાડી!

પછી તો દરેક વખતે ગુરૂ ભગવંતો ત્યાં રોકાતા હતા. ક્યારેક સંત પાસે આવી પાટીલ આશીર્વાદ લઈ જતો. આચારો જોઈ ખુશ થતો. **એક વાર તો ૫૦૦ રૂ.ની નોટ મૂકી ગુરૂપૂજન પણ કર્યું !**

થોડા મહિનાઓ બાદ સંઘોએ વિચાર કર્યો કે અહીં વચ્ચે રાત રોકાવા વિહાર ધામ જરૂરી છે. **પાટીલ** પાસે જઈને વાત કરી કે આ વિસ્તારમાં ક્યાંક જગ્યા અપાવી દો તો અમે એક મકાન બનાવી શકીએ. પૈસા જે થાય તે અમે આપશું, તમારે સારી જગા આપવાની છે. પાટીલે સાફ ઈન્કાર કર્યો. કહે કે તમે મકાન બનાવો તો પછી આ જૈન સંતો મારે ત્યાં ન આવે. એ તો નહિ જ બને ! મારે ત્યાં જ ઉતરવા જોઈએ ! **હું તમને વિહારધામ નહિ બનાવવા દઉં !** આખરે સંઘોએ વિહારધામ બનાવવાની વાત પડતી મૂકવી પડી.

**એક અજૈન પણ જૈન સંતોના આચાર જોઈ વસતિ (ઉપાશ્રય) આપવા તૈયાર થયો** હતો તો આપણે તો જૈન છીએ. આપણે સાધુ-સાધ્વીને જરૂર હોય ત્યારે આપણા ખાલી ફ્લેટ કે રૂમ વિ. આપીએ તો મહાન લાભ મળે. શાસ્ત્રકારોએ કહ્યું છે કે **ગોચરી, પાણી વિ. વહોરાવવાથી પણ અનેક ગણો લાભ વસતિ આપવાનો છે.**

**છેવટે આજુબાજુમાં ક્યાંય ઉપાશ્રય થતો હોય તો ક્યારે ય વિરોધમાં તો ન જ પડાય. આજુબાજુ હોટલ થાય, કોમર્શીયલ બિલ્ડીંગ થાય કે પાનના ગલ્લા થાય તો ચલાવનાર આપણે શું સાધુ-**

**સાધ્વીના ઉપાશ્રયમાં અંતરાય કરશું ? ક્યારે ય નહીં.**

આજથી સંકલ્પ કરજો કે સાધુ-સાધ્વીના ઉપાશ્રયમાં શક્ય હોય તો પૈસા, જગ્યા આદિનો લાભ લઈશું પરંતુ **વિરોધ તો ક્યારેય પણ નહિ જ કરીએ.**

## ૩૦. દેવદ્રવ્યની ભક્તિ

બબલદાસ કપુરચંદ શાહ. ૫૦ વર્ષ સુધી દેરાસરની પેઢીનો વહીવટ ચીવટથી સંભાળતા હતા. રોજે રોજની **દેવદ્રવ્ય**ની રોકડ મોઢે હોય. પર્યુષણમાં દરેક બોલેલા ચડાવા ભાદરવા વદ ૧૦ પૂર્વે સહુએ ભરી દેવા જોઈએ તેવો આગ્રહ રાખતા. તેમના ગામમાં **ત્રિકમલાલ** પ્રતિષ્ઠિત વ્યક્તિ હતા. તેમણે બોલેલી રકમ બાકી હોવાથી બબલદાસે પહેલાં ચીઠ્ઠી મોકલી ! ન આપ્યા તો દશમે સવારે ત્રિકમલાલ પૂજા કરવા આવ્યા ત્યારે બોલીના પૈસાનું યાદ કરાવ્યું ! ત્રિકમલાલે ઉપકાર માનતા કહ્યું કે તમે યાદ કરાવ્યું તે ખૂબ સારૂં કર્યું. ત્રિકમલાલે ઘરે જઈ પુત્રોને ભેગા કરી રૂપિયા ચૂકવી દેવા જણાવ્યું. પૈસા ભરાઈ ગયા. બાદ જ પૂજા કરવા ગયા !

**વર્તમાનકાળમાં બોલી બોલેલા ભાગ્યશાળીઓએ તુરત જ પૈસા ભરી દેવા જોઈએ.** બોલનારની ભાવના શુભ હોય છે. પરંતુ પછીથી આપી દઈશ વગેરે વિચારને તાબે થવાથી **ઘણી વાર દેવદ્રવ્ય ભક્ષણ વગેરે ભયંકર દોષ ઘણાને લાગી જાય છે.** પછી ભૂલી જવાય, ધન જતું રહે, પુત્રો ન ચૂકવે, ધંધા વગેરેમાં ફસાય વગેરે ઘણા કારણે આજે કોઈક સંઘોમાં કેટલાંકના રૂપિયા ભરાયા નથી !!! **આ દોષ અનેક ભવ ઘણા દુઃખો આપશે જ એ શ્રદ્ધા લાવી ધર્મદ્રવ્યનું દેવું ૧ સેકંડ પણ ન રાખવું. અમદાવાદ કૃષ્ણનગર સંઘના કેતનભાઈ વગેરે તો ઘણી વાર સંઘમાં વધારાના પૈસા જમા રાખે છે !!!!!**

## ૩૧. શંખેશ્વર સાહિબ સાચો

વડોદરાના **કિરણભાઈ** પોતાના મિત્રના પ્રસંગ અંગે લખે છે કે લગભગ દર વર્ષે આમ તો એ લોકો **શંખેશ્વરજી** જાય છે. મુંબઈથી એ મારા મિત્ર, એમના ધર્મપત્ની અને માસા, માસી અમદાવાદ આવ્યા અને અમદાવાદથી સગાની ગાડીમાં શંખેશ્વરજી માટે નીકળ્યા. શંખેશ્વરજીથી લગભગ ૧૫ કિ.મી. દૂર હતા. ૭-૨૦ની આસપાસનો સમય હશે. લાઈટો બંધ હતી. ઓગસ્ટ મહીનામાં વરસાદને લીધે રસ્તો પણ સુમસામ હતો. કાંઈ દેખાતું નહોતું. ત્રણ રસ્તા ઉપર કયા રસ્તે જવું તે મૂંઝવણમાં હતા અને એક ભાઈ ફાનસ લઈને આવ્યો. **રસ્તો બતાવીને અદૃશ્ય થઈ ગયો.** થોડાક આગળ વધ્યા અને ફરી ફાંટો પડ્યો. કઈ બાજુ જવું એ દ્વિધામાં હતા. **એટલામાં એક દૂધવાળા ભાઈ આવ્યા. કહે : "ચાલો મને ગાડીમાં લઈ લ્યો. હું તમને છેક મંદિર સુધી મૂકી જઉં." - મંદિરની બહાર ગાડીમાંથી ઉતરતાની સાથે એ ભાઈ અદૃશ્ય થઈ ગયા !** એક જ સેકંડમાં ક્યાં જતાં રહ્યા એ કાંઈ ખબર ના પડી. કારની અંદર અમારા શંખેશ્વરજીના જાપ ચાલુ હતા.

જેવા અમે દેરાસરની અંદર પ્રવેશ્યા કે પૂજારીએ અમારી આગતા, સ્વાગતા કરી. "આવો સાહેબ ! આરતીનો સમય થઈ ગયો છે." આરતી વખતે એણે ઘંટ પણ વગાડ્યો. આરતી પૂરી થઈ. આરતીનો બહુ સારો લાભ અમને મળ્યો. એટલામાં ધર્મશાળામાંથી ૨૦-૨૫ જણ આવ્યા અને આશ્ચર્યચકિત થઈ ગયા. તેઓએ કહ્યું કે **આરતી થઈ છતાં અમને અવાજ પણ સંભળાયો નથી.** શંખેશ્વરજીના આમ તો વર્ષોથી ચમત્કાર વિષે જાણતો હતો. પણ આ તો પ્રત્યક્ષ અનુભવ હતો. આ ઉપરાંત મારા જીવનમાં કોઈપણ કાર્ય "દાદા" ના સ્મરણ માત્રથી પૂર્ણ થાય છે.

## ૩૨. પુણ્યના ચમકારા

૧-૨ વર્ષ પૂર્વે ૫ વર્ષનો પ્રીન્સ નામનો છોકરો રમતા રમતા ૬૦ ફૂટ ઊંડા બોરીંગના ખાડામાં પડી ગયો. આટલા ઉંડા ખાડામાં પડવા છતાં છોકરો બચી ગયો. લોકો ભેગા થયા, પ્રીન્સને કેવી રીતે બચાવવો તે માટે વિચારણા ચાલી. છોકરો ગરીબ ઘરનો છે, તેમ છતાં લોકોએ બચાવવાની મહેનત શરૂ કરી. ખાવાનું નાખ્યું, રમકડાં રમવા નાંખ્યા.

વિચારવાનું છે કે ગરીબના હજારો છોકરાઓ રોડ પર મરે છે, હોસ્પિટલમાં દવાના પૈસા વગર મરતા હોય છે, જ્યારે આ છોકરાને લોકોએ સહાય કરી ! પૈસાને કારણે કે પુણ્યને કારણે ? ૬૦ ફૂટ એટલે આશરે ૬ માળ. આટલા ઉંચા ધાબા પરથી કોઈ નીચે પડે તો માણસ બચે કે મરે ? **આ છોકરાને બચાવનાર કોણ ?**

કેટલાંકને થયું કે આ છોકરો મુશ્કેલીમાં છે, ચાલો આપણે એને સહાય કરીએ. એકે ૧ લાખ રૂપિયા બીજાએ પણ ૧ લાખ રૂપિયા વિગેરે અનેક લોકોએ પ્રીન્સના નામે કુલ લાખો રૂપિયા આપ્યા. અરે, આગળ વધતાં વડાપ્રધાને પણ તેના નામે લાખ રૂપિયા મોકલ્યા !

શું પ્રીન્સને વડાપ્રધાન સાથે કોઈ સંબંધ હતો ? ના, તો પછી વડાપ્રધાને કેમ લખાવ્યા ? **પુણ્યના પ્રભાવે આ છોકરો રોડપતિમાંથી કરોડપતિ બન્યો અને વડાપ્રધાને પણ તેની ચિંતા કરી.**

જે ટી.વી.માં જાહેરખબર આપવા માટે ૧ મિનિટના હજારો કે લાખો રૂપિયા આપવા પડે તેમાં ૫ દિવસ સુધી, સતત તેના સમાચાર ચમક્યા, એ પણ મફતમાં !!! આખા વિશ્વના લોકોએ ભાવના કરી કે આ છોકરો બચી જાય તો સારૂં. **કોઈપણ જાતના સંબંધ વગર આખું વિશ્વ આવા ગરીબની ચિંતા કરે તેનું જ નામ પુણ્ય.** છેવટે ૫ દિવસે છોકરાને બહાર કાઢવામાં આવ્યો. બચી ગયો.

કેવળજ્ઞાની ભગવંતોની અતીન્દ્રિય એવા પુણ્ય-પાપની વાતો વિસ્તારથી શાસ્ત્રોમાં આપણને સમજાવી છે. આંખોથી ભલે પુણ્ય-પાપ ન દેખાય પરંતુ **જેમ બુદ્ધિ કે માથાનો દુઃખાવો વગેરે ઘણું આંખથી ન દેખાય છતાં તમે માનો છો તેમ પુણ્ય-પાપ જગતમાં છે તે વાત પ્રીન્સ વગેરેના જીવનમાં બનેલી ઘટના પરથી નિશ્ચિત થાય છે.**

પુણ્યના પ્રભાવે અશક્ય વાતો પણ ચપટી વગાડતા શક્ય બની જાય છે, ભક્ષક પણ રક્ષક બની જાય છે જ્યારે પાપના પ્રભાવે સાવ સાદી વાતો પણ અશક્ય બની જાય છે. રક્ષક એવા પોલીસ-બોડીગાર્ડો પણ ઇન્દિરા ગાંધીને મારનારા બને છે, ભક્ષક બને છે. પુણ્ય-પાપની અનેક સાબિતીઓ આજે મળી રહે છે. **Belive it or not (માનો યા ન માનો !) પુણ્ય-પાપ છે એ હકીકત છે. પુણ્યથી સુખ મળે છે અને પાપથી દુઃખ.**

## ૩૩. ભવોભવ સુધારનારી મા

પૂર્વના ભાગોમાં વિજયનગરના આગમિકનો પ્રસંગ જણાવ્યો હતો. નાની ઉંમરમાં માતાએ સંસ્કારો આપી ધર્મનું ખૂબ ભણાવ્યું. ૭ ઉંમરે તો અતિચાર જેવા સૂત્રો કડકડાટ બોલતો હતો. **માની એક જ ભાવના કે મારો દીકરો કુળદીપકથી પણ આગળ વધી શાસનદીપક બને, સાધુ બની જૈન ધર્મની પ્રભાવના કરે.**

પંકજ સોસાયટીમાં પૂ.આ. ભદ્રંકરસૂરીશ્વરજી પાસે માએ ભણવા માટે આગમિકને મૂક્યો. થોડા દિવસ પછી મા દીકરાને મળવા આવી છે. હું ત્યાં હાજર હતો અને માએ દીકરાને જે વાત કરી તે કાનોકાન મેં સાંભળી. મા દીકરાને કહે છે, "બોલ બેટા ! તારે ઘરે આવવું છે કે અહીં રહેવું છે ? જો ઘરે તારી બેન છી (M.C.) માં છે તો તારે પૂજા કરવા નહીં જવાય, અહીં રહીશ તો પૂજા કરવા

મળશે. બોલ શું કરવું છે ?''

દીકરો વિચારમાં પડ્યો કે શું જવાબ આપું ? માએ હવે જે વાક્ય ઉચ્ચાર્યું તે ખરેખર જિનશાસનની શ્રાવિકાની મહાનતા, શ્રદ્ધા દર્શાવે છે. મા કહે છે, **''જો બેટા ! હું તારી આ ભવની મા છું, જ્યારે તારી બાજુમાં બેઠા છે તે ગુરૂ મહારાજ તારી ભવોભવની મા છે. બોલ તારે આ ભવની મા પાસે રહેવું છે કે ભવોભવની મા પાસે ?''**

ખરેખર, જિનશાસન અને સંયમ કૃષ્ણ મહારાજની જેમ કેવું હૃદયમાં વસ્યું હશે કે સગા દીકરાને સંયમ આપવાની ભાવના છે !!!

૧-૨ વર્ષ રાખવા છતાં દીકરાના ભાવ ન જાગ્યા તો વિચાર્યું કે કદાચ આ ગુરૂ ભગવંત પાસે ભાવના નથી થતી તો બીજા ગુરૂ ભગવંત પાસે લઈ જઉં. મુંબઈ, કાંદીવલીમાં પૂ.પં. **શ્રી અભયશેખર વિ. ગણિ** (હાલ આચાર્ય) પાસે મૂકવા માટે ગઈ. ચાર મહિના ચોમાસા દરમ્યાન પૂજ્યશ્રીએ ભણાવ્યો, પ્રેમ આપ્યો, વાત્સલ્ય આપ્યું અને **દીક્ષાના ભાવ થયા. ચોમાસા બાદ આગમિકની દીક્ષા ધામધૂમ સાથે મુંબઈમાં થઈ.**

માને તો જાણે સર્વસ્વ મળી ગયું હોય એમ ખૂબ જ હર્ષોલ્લાસ સાથે દીક્ષા આપી ! આશ્ચર્યની વાત તો એ છે કે દીક્ષા પછીના બે મહિનામાં જ મા આ લોક છોડીને ચાલી ગઈ. જાણે કે **મહાવિદેહમાં જન્મ લઈ વિહરમાન તીર્થંકર પાસે દીક્ષા લેવા પહોંચી ગઈ હોય.**

આ વાતને ૬-૭ વર્ષ વીતી ગયા. શું તમે પણ જિન-શાસનના ઉત્તમ શ્રાવક શ્રાવિકા બનવા માંગો છો ? તમારે પણ આ ભવ કે છેવટે પરભવમાં દીક્ષા જોઈએ છે ? તો એક જ ભાવના કરો કે અમારા સંતાનો જે જન્મી જ ચૂક્યા છે તેને **નાનપણમાં જ ગુરૂ**

**ભગવંતને વહોરાવી દઈશું અને મોટા થયા પછી આત્મવિકાસના પંથે, સંયમના પંથે આગળ વધારશું.** કદાચ તેના ભાવ નહિ જાગે તો છેવટે ઉત્તમ શ્રાવક બનાવવા તો અવશ્ય પ્રયત્ન કરશું.

## ૩૪. અજૈન બાળકીની દીક્ષા

આજથી ૩ વર્ષ પૂર્વે ભાયંદરમાં ૧૦ વર્ષની અજૈન છોકરીની દીક્ષા થઈ જેનું નામ આપણે જયણા રાખશું. તેમના પિતાશ્રી બોરીવલી, કાર્ટર રોડ પર રહે. તે અમને બોરીવલીમાં મળ્યા ત્યારે દીક્ષા પૂર્વેની વાતો જાણવા મળી.

અજૈન મા-બાપને સત્સંગનો રસ ઘણો. તેઓના સંતોના પ્રવચનાદિમાં ઘણીવાર જતા. સત્સંગની અનેક વાતો આ ૫-૭ વર્ષની જયણાને મા સંભળાવતી. એક વાર જૈન છોકરીઓની સાથે જયણા દેરાસર ગઈ. ભગવાનને જોઈને ખૂબ ખુશ થઈ ગઈ ! પૂર્વ ભવની આરાધનાના પ્રતાપે પ્રભુ ખૂબ ગમવા લાગ્યા. ઘણી વાર ઘરનાને કહ્યાં વગર દર્શન કરવા ચાલી જતી !

એક વાર દહેરાસરની બહાર નીકળતા કોઈકે સમજાવ્યું કે જેમ પ્રભુદર્શન કરીએ તેમ સાધુ-સાધ્વીના પણ દર્શન વંદન કરીએ તો જ આપણી વિધિ પૂર્ણ થઈ ગણાય. ધર્મપ્રેમી જયણા ઉપાશ્રયમાં સાધ્વીજી ભગવંત પાસે ગઈ. કેટલીક છોકરીઓ ઉપાશ્રયમાં રમતા અવાજ કરતી હતી. જયણા પણ ત્યાં થોડીવાર રહી. પૂ. સાધ્વીજી ભગવંતે બધી છોકરીઓને કહ્યું, "અહીં અવાજ કરાય નહિ ને રમાય પણ નહિ. ચાલો ભણવું ન હોય તો અહીંથી બધા જાવ." જયણા સિવાયની છોકરીઓ જતી રહી. જયણાએ કીધું, "મારે તો અહીં જ રહેવું છે"

"પણ અહીં રહીને તારે ભણવું પડે, ધર્મ કરવો પડે. રમવા માટે આ ઉપાશ્રય નથી." સાધ્વીજી ભગવંતે આવું કહેતાં જયણાએ જવાબ આપ્યો કે મારે તો અહીં જ રહેવું છે. તમે કહેશો તે કરીશ.

પૂ. સાધ્વીજીએ કહ્યું, "અહીં રહેવું હોય તો તારા મમ્મી-પપ્પાને પૂછી આવ, હા પાડે તો જ અહીં રાખીએ."

જયણા ઘરે આવી માતા-પિતાને પૂછે છે. **અજૈન મા-બાપે એક જ વિચાર કર્યો કે મારું સંતાન સંત પાસે રહે તેમાં મને શું સંતાપ હોઈ શકે ? ખુશીથી રહે.** જયણા પછી પૂ. સાધ્વીજી મ.સા. પાસે રહે છે ! આખુ ચાતુર્માસ ત્યાં જ રહી !! ક્યારેક કપડા લેવા ઘરે જતી, બાકી ખાસ ઘરે જતી ન હતી.

ચોમાસું પૂર્ણ થયું ને પૂ. સાધ્વીજીનો વિહાર નક્કી થયો અને મા-બાપની રજાપૂર્વક જયણા વિહારમાં સાથે ગઈ ! થોડાક સમયમાં દીક્ષા લેવાની ભાવના જોઈ મા-બાપે રજા આપી ! **ભાયંદરમાં સુદામા ટાવરના સંઘમાં ધામધૂમપૂર્વક દીક્ષા થઈ.** અનેક લોકો બાળ સાધ્વીજીને જોઈ આનંદ સાથે આશ્ચર્યને પામ્યા. ધન્ય છે જિનશાસનને !! જો કે આ દીક્ષાની ખાસ જાહેરાતો કરી ન હતી. તેની પાછળનું કારણ એ જ કે આજે બાળદીક્ષાના અનેક વિરોધીઓ પોલીસના લફરામાં પાડતાં હોય છે. બાળદીક્ષા એ શાસ્ત્રીય વિધાન છે. સાત-આઠ વર્ષની ઉંમરમાં પણ દીક્ષા આપવામાં જૈન શાસ્ત્રો સંમત છે. અનેક મહાન આચાર્યો જેવા કે **કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રસૂરિજી, આ. બપ્પભટ્ટસૂરિજી વિ. એ ૬ વર્ષની ઉંમરે દીક્ષા લઈ જોરદાર સાધના કરી. શાસન પ્રભાવક બની અનેકોને ધર્મ પમાડ્યો !!**

૨ વર્ષની ઉંમરમાં તો ટેણિયાને પ્લે ગ્રુપમાં મૂકવા, ૩-૪ વર્ષની ઉંમરે તો દફતરો ઉંચકીને જવાનું, ૫-૬ વર્ષે તો સ્કૂલ, ટ્યૂશન, **લેશનમાં જ ૮-૧૦ કલાક વીતાવનારા છોકરાઓના વડિલો બળજબરીથી ભણાવવાનો કે હેરાન કરવાનો કોઈ આરોપ નથી**

**મૂકાતો** પરંતુ મા-બાપની રજાપૂર્વક, ભાવપૂર્વક દીક્ષા લેનાર આવા બાળ દીક્ષિતોના ગુરૂ પર હેરાન કરવાના કે બળજબરીથી ભણાવવાના વિ. ઘણા આરોપો મૂકાય છે. અરે કેટલાંક તો મા-બાપને પૈસા આપી દીકરાને ખરીદી લેવાના પણ આરોપ મૂકનાર છે.

જો કે તમે તો જૈન છો. ક્યારેય આવો આરોપ નહિ મૂક્યો હોય. આ અંગે તત્ત્વ બરોબર જાણી ઉંડાણથી સમજી બાલ દીક્ષાના વિરોધના પાપથી બચવું ખૂબ જરૂરી છે. નહિતર ભવોભવ દીક્ષા નહીં મળે અને અનાર્ય દેશોમાં કે દુર્ગતિઓમાં જન્મ મળશે.

ચાલો, **છેલ્લે એટલો સંકલ્પ કરજો કે સંતાનને સંત બનાવીશું પરંતુ સંયમનો વિરોધ તો ક્યારેય નહિ જ કરીએ. બરોબર ને ?**

## ૩૫. શિબિર વિના નહિ સંસ્કાર

છેલ્લા બે વર્ષની જેમ વિ.સં. ૨૦૬૪ના એપ્રિલ મહિનામાં અમારી નિશ્રામાં યુવા સંસ્કાર શિબિરનું આયોજન થયું. પાંચ દિવસ સુધી અનેક છોકરાઓએ જોરદાર આરાધના કરી. દિવસના ૩-૪ કલાક સુંદર જ્ઞાન મળે, જૈન શાસનના અનેક તત્ત્વો જાણવા મળે, ઈતિહાસ જાણવા મળે, અવનવી વાર્તાઓ દ્વારા સુંદર બોધ આપવામાં આવે, સંગીત સાથે અષ્ટપ્રકારી પૂજા શીખવાડવામાં આવે, રાત્રે ભાવના તથા અનેક સ્પર્ધાઓ સાથે **આખો દિવસ ને પાંચ દિવસ ક્યાં પૂરા થઈ ગયા તે છોકરાઓને ખબર પણ ન પડી. પ્રેરણા કરતાં ૩૫ વર્ષ સુધી ટી.વી.નો ત્યાગ, ૧૬ વર્ષ સુધી ઉકાળેલું પાણી વિગેરે અનેક નિયમો યુવાનોએ સ્વેચ્છાએ લીધા !!**

વર્તમાનકાળમાં ધર્મની આરાધના કરવાનો સમય ૧૦ મહિના બાળકોને ખાસ મળતો નથી. વેકેશનમાં સંસ્કાર માટે અનેક મહાત્માઓ

આવી શિબિર ગોઠવી જિનશાસનની ભાવી પેઢીને તૈયાર કરવાનો પ્રયત્ન કરે છે. અનેક યુવાનો, યુવા મંડળો વ્યવસ્થા સંભાળવા પોતાના ધંધા નોકરી છોડી આ શિબિરાર્થીઓની પાછળ ભોગ આપે છે. પૂ.આ. **શ્રી પ્રેમસૂરીજી**ની પ્રેરણાથી પૂ.આ. **શ્રી ભુવનભાનુસૂરીજી**એ સૌ પ્રથમ આ શિબિરોની શરૂઆત કરી. આજે તો અનેક સમુદાયના અનેક મહાત્માઓ શિબિરના નામે કે અલગ નામે આવી સંસ્કાર શ્રેણી રાખતા થયા. આજે અનેક સંયમીઓ, ઉત્તમ ટ્રસ્ટીઓ, શ્રેષ્ઠ આરાધકો આવી શિબિરના પ્રભાવે જૈનશાસનને મળ્યા છે.

પૂર્વે શિબિરોનો વિરોધ કરનારા શિબિરોના ઉત્તમ પરિણામ જોઈ આજે શિબિરો રાખતા થયા છે. આવી શિબિરોમાં આપના બાળકોને છેવટે ચોમાસામાં કે વેકેશનમાં પણ મોકલી તેમનું હિત કરો એ જ શુભેચ્છા.

## ૩૬. પાપની કમાણીનો પરચો

આજથી ૧૫-૧૭ વર્ષ પૂર્વેની વાત છે. અમદાવાદના કૈલાશભાઈ (નામ બદલ્યું છે) ને શેરબજારનો ધંધો હતો. લાખો રૂપિયા આ ધંધામાં કમાયા. નવો બંગલો રહેવા માટે ખરીદ્યો. ફર્નીચર સાથે બંગલો તૈયાર થયો. રહેવા જવાનો દિવસ આવી ગયો.

સવારના પ્રવેશ પૂર્વે રસ્તામાં કૈલાશભાઈને એક્સીડન્ટ થયો, હોસ્પિટલમાં દાખલ થવું પડ્યું. ઘરના પ્રવેશને બદલે હોસ્પિટલમાં પ્રવેશ થયો. ૨-૪ મહિના હોસ્પિટલમાં રહેવું પડ્યું. પછી પણ ઘરમાં સંપૂર્ણ બેડ રેસ્ટ જ કરવો પડતો. જાતે ઊઠી નહોતા શકતા. ૧-૨ વર્ષ આમ જ નીકળી ગયા. બંગલામાં ૧૨ રૂમમાંથી માત્ર ૧ જ રૂમમાં ૨ વર્ષ પસાર કરી છેવટે ભારે કર્મના ઉદયે પરલોક સીધાવી ગયા. ૧-

૨ વર્ષમાં ઘરવાળાને પણ કેન્સર લાગુ પડતા પરલોક ચાલ્યા ગયા. બિમારીઓ પાછળ ઘણો ખર્ચો કર્યો પણ પતિ-પત્ની બચી ન શક્યા. હવે ઘરમાં ૨ દીકરીઓ અને ૧ દીકરો હતો. બંને મોટી દીકરીઓ લગ્નાદિ કારણે વિદેશમાં ગઈ અને દીકરાના લગ્ન બાદ આજે દીકરાની ઘરવાળી પણ વિદેશ જ ગયેલ છે. ૧૨ રૂમના બંગલામાં દીકરો એકલો રહે છે. શેર બજારના લાખો રૂપિયા છેવટે માણસને ક્યાં પહોંચાડે છે તે વિચારવાનું છે.

**પરમાત્માએ સાત વ્યસનમાંથી એક વ્યસન જુગારનું કહ્યું છે. શેરબજારમાં કાયમી લે-વેચનો ધંધો એ જુગાર કહેવાય.** ધંધો તો એને કહેવાય કે જેમાં પોતાની મહેનત હોય, મૂડી રોકાણ બાદ સંપૂર્ણ મૂડી ક્યારેય સાફ ન થાય, શાંતિપૂર્વક જીવન ચાલી શકે, ટેન્શન ન હોય. આજે વિશ્વ આખામાં આવો જુગાર ચાલ્યો છે. અનેક વાર તેજીઓમાં ખેડૂતો ને પાનના ગલ્લાવાળા પણ શેરબજારમાં ઘૂસ્યા ને **મંદી આવતા અનેકોના પૈસા પાણી થઈ ગયા, કરોડપતિઓ રોડપતિ બન્યા ને ઘરબાર વગરના થયા, દેવાળા ફૂંકાયા.** આવા પૈસાને પાપનો પૈસો, મફતિયો પૈસો કહેવાય. આવો પૈસો કોઈ દિવસ શાંતિથી જીવવા ન દે. કહેવાય છે કે **હરામનો પૈસો રામ (પ્રભુ) થી દૂર રાખે, દુઃખમાં પણ છેવટે રામને યાદ ન કરવા દે. પાપનો પૈસો સુખથી અને રામથી દૂર કરે.** મોટા ઉદ્યોગપતિઓએ ૧-૨ મહિના પહેલાં કરેલી જાહેરસભામાં શેરબજારનો ધંધો કરવા માટે અસંમતિ દર્શાવેલી પરંતુ **લોભીયાઓને રાતોરાત કરોડપતિ થવું છે. કરોડપતિને બદલે છેવટે રોડપતિ થાય ત્યારે પોક મૂકી રડે છે, કેટલાંક આપઘાત કરે છે.** શેરબજારમાં ગુમાવનાર અનેક મળ્યા છે, હજી શેરબજાર છૂટતું નથી. કહેવાય છે ને **"હાર્યો જુગારી બમણું રમે."**

અમદાવાદમાં જ એક યુવાન મળવા આવેલો ત્યારે કહેતો હતો કે છેલ્લાં ૫ વર્ષની રોજની લે-વેચમાં ક્યારેક થોડું કમાયા પણ મોટે ભાગે ઘણું ગુમાવ્યું. શેરબજારનો સમય ૯ થી ૩નો હોય ત્યારે ટીવી સામે જ બેઠા રહીએ. **એ સમયે માત્ર પૈસાની લેશ્યાના અતિ ગાઢ પાપો બાંધવાના અને વળી એ સમયે પુત્ર વિગેરે કોઈ વાત કરવા આવે તો પણ ગુસ્સો આવી જાય ને લાફો મારી દઈએ. સ્વભાવ ચીડીયો બની જાય. કોકનો ગુસ્સો કોક પર ઉતરે.** એક બાજુ પૈસા ગુમાવવાના અને બીજી બાજુ ઘરમાં ઝઘડા, ક્લેશો ઉભા થાય, પત્ની પણ કંટાળી જાય. એના કરતાં **નિયમ આપો કે હવે ક્યારેય આવો રોજનો લે-વેચનો ધંધો મારે નહિ કરવો.**

જુગાર જેવું વ્યસન કે જેમાં પ્રભુનો નિષેધ હોય એવું પાપ તમે ન કરો તો જ ટેન્શન વગેરે દુઃખોથી બચી જશો. નક્કી કરજો કે પૈસા ઓછા મળશે તો ચાલશે પણ કર્માદાનના પાપના પૈસા નહિ જ જોઈએ.

## ૩૭. એના મહિમાનો નહિ પાર

એક શ્રાવિકાબેનના જીવનનો પ્રસંગ છે. તે લખે છે કે અમે ૫૦ જેટલી બેનો હતી. અમે શીખરજીની જાત્રા કરવા ગયેલા. ત્યાં જાત્રા કરી અમે પંચતીર્થી કરવા જતા હતા. **જિયાગંજ** અને **અજિમાગંજ** દર્શનાર્થે જતા હતા. રસ્તામાં **લૂંટારૂ** ટોળી આવી. અમારી બસને ઘેરી વળી. **અમે નવકાર મંત્રના જાપ ચાલુ કરી દીધા.** નવકાર મંત્રના જાપના **પ્રભાવે અચાનક એક પોલીસ વાન આવી પહોંચી ! અને લૂંટારા ભાગ્યા.** પોલીસ અમને સુરક્ષિત જગ્યા પર લઈ ગઈ અને અમે લૂંટારૂં ટોળીથી બચી ગયા. **નવકાર કરે ભવપાર.**

**ભાગ-૭ સંપૂર્ણ**